dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 23 | AD - 2025, Kartak Sud-06 | Monday, Dt.27-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## વંદે માતરમના ૧૫૦મા વર્ષને યાદગાર બનાવવા દેશવાસીઓને નરેન્દ્ર મોદીની અપીલ

# વંદે માતરમ શબ્દ ભારતીયોને એકતાની ઉર્જાથી ભરી દે છે : વડાપ્રધાન

નવીદિલ્હી,તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે મન કી બાત દ્વારા રાષ્ટ્રને સંબોધન કર્યું જેમા પીએમએ દેશવાસીઓને તહેવારોની શુભેચ્છાઓ પાઠવી હતી. છઠનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે છઠનો મહાન તહેવાર સંસ્કૃતિ, પ્રકૃતિ અને સમાજ વચ્ચેની ઊંડી એકતાનું પ્રતિબિંબ છે. સમાજનો દરેક વર્ગ છઠ ઘાટ પર એક સાથે ઉભો છે. આ દ્રશ્ય ભારતની સામાજિક એકતાનું સૌથી સુંદર ઉદાહરણ છે.

વડાપ્રધાન મોદીએ વન્યજીવનના મહત્વ પર વધુ ભાર મૂકતા કહ્યું કે, ગુજરાતના વન વિભાગે મેન્ગ્રોવના મહત્વને ઓળખીને એક ખાસ અભિયાન શરૂ કર્યું છે. પાંચ વર્ષ પહેલાં, વન વિભાગની ટીમોએ અમદાવાદ નજીક ધોલેરામાં મેન્ગ્રોવના વૃક્ષોનું વાવેતર શરૂ કર્યું હતું અને આજે, ધોલેરા કિનારે ૩,૫૦૦ હેક્ટરમાં મેન્ગ્રોવના વૃક્ષો ફેલાયેલા છે. તેમની અસર સમગ્ર પ્રદેશમાં દેખાય છે. વધુમાં જણાવ્યું હતું કે, સરદાર પટેલ આધુનિક સમયમાં રાષ્ટ્રના મહાન વ્યક્તિઓમાંના એક હતા. તેમનું ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ અનેક ગુણોને મૂર્તિમંત કરે છે. ગાંધીજીથી પ્રેરિત થઈને, સરદાર પટેલે સ્વતંત્રતા ચળવળમાં



પોતાને સંપૂર્ણપણે સમર્પિત કરી દીધા. ખેડા સત્યાગ્રહથી લઈને બોરસદ સત્યાગ્રહ સુધીના અનેક આંદોલનોમાં તેમનું યોગદાન હજુ પણ યાદ કરવામાં આવે છે. અમદાવાદ નગરપાલિકાના વડા તરીકેનો તેમનો કાર્યકાળ પણ ઐતિહાસિક રહ્યો. તેમણે સ્વચ્છતા અને સુશાસનને પ્રાથમિકતા આપી. નાયબ વડાપ્રધાન અને ગૃહ પ્રધાન તરીકે તેમના યોગદાન માટે આપણે હંમેશા તેમના ઋણી રહીશું.

પીએમ મોદીએ કહ્યું, સરદાર પટેલે ભારતના અમલદારશાહી માળખાનો મજબૂત પાયો પણ નાખ્યો. તેમણે દેશની એકતા અને અખંડિતતા માટે અપ્રતિમ પ્રયાસો કર્યા. હું તમને બધાને સરદાર સાહેબની જન્મજયંતિ, ૩૧ ઓક્ટોબરના રોજ દેશભરમાં યોજાનારી રન ફોર યુનિટીમાં ભાગ લેવા વિનંતી કરું છું.

પીએમ મોદીએ કહ્યું, મન કી બાતમાં, હું એક એવા વિષય વિશે વાત કરીશ જે આપણા બધાના હૃદયની ખૂબ નજીક છે. આ વિષય આપણું રાષ્ટ્રીય ગીત છે - ભારતનું રાષ્ટ્રીય ગીત વંદે માતરમ. એક એવું ગીત જેનો પહેલો શબ્દ જ આપણા હૃદયમાં લાગણીઓ જગાડે છે. વંદે માતરમ, આ એક શબ્દમાં ખૂબ જ લાગણીઓ, ખૂબ જ ઉર્જા છે. તે સ્વાભાવિક રીતે આપણને ભારત માતાના સ્નેહનો અનુભવ કરાવે છે. આ જ આપણને ભારત માતાના બાળકો તરીકેની આપણી જવાબદારીઓથી વાકેફ કરાવે છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું, મુશ્કેલીના સમયમાં, વંદે માતરમનો જાપ ૧.૪ અબજ ભારતીયોને એકતાની ઉર્જાથી ભરી દે છે. મિત્રો, જો દેશભક્તિ, ભારત માતા પ્રત્યેનો પ્રેમ, શબ્દોની બહારની લાગણી છે, પીએમ મોદીએ આગળ કહ્યું, મિત્રો, તમે વિચારી રહ્યા હશો કે હું અચાનક વંદે માતરમ વિશે આટલી બધી વાતો કેમ કરી રહ્યો છું. હકીકતમાં, થોડા દિવસોમાં, ૭ નવેમ્બરના રોજ, આપણે વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણીમાં પ્રવેશ કરીશું. વંદે માતરમ ૧૫૦ વર્ષ પહેલાં રચાયું હતું અને ૧૮૯૬માં ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે સૌપ્રથમ ગાન કર્યું હતું આપણે વંદે માતરમના ૧૫૦મા વર્ષને યાદગાર બનાવવું જોઈએ. વડાપ્રધાનએ કહ્યું, આપણે આવનારી પેઢીઓ માટે મૂલ્યોની આ પરંપરાને આગળ ધપાવવી જોઈએ. ભવિષ્યમાં, દેશભરમાં વંદે માતરમ સંબંધિત ઘણા કાર્યક્રમો અને કાર્યક્રમો યોજાશે. હું ઈચ્છું છું કે આપણે બધા, દેશવાસીઓ, વંદે માતરમનો મહિમા કરવા માટે સ્વયંભૂ પ્રયાસો કરીએ. કૃપા કરીને મને #વંદેમાતરમ૧૫૦ સાથે તમારા સૂચનો મોકલો.






## ભારતની લશ્કરી કવાયતથી પાકિસ્તાનને ડર, બે દિવસ માટે હવાઈ માર્ગો બંધ કર્યા

એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬

ભારતના ત્રણેય સશસ્ત્ર દળો વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત 'ત્રિશુલ' શરૂ થાય તે પહેલાં જ પાકિસ્તાનમાં ગભરાટ ફેલાયો છે. ભારતની તૈયારીઓ અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની કડક ચેતવણી બાદ, પડોશી દેશે સાવચેતીનાં પગલાં લીધાં છે અને તેના ઘણા હવાઈ માર્ગો બંધ કરી દીધા છે. ઈસ્લામાબાદે ૨૮ અને ૨૯ ઓક્ટોબર માટે એનઓટીએએમ (એરમેનને સૂચના) જારી કરી છે. તે સ્પષ્ટ છે કે તે ભારતની લશ્કરી તાકાતથી ડરે છે. રાજનાથ સિંહે તાજેતરમાં ભૂજ એર બેઝ પર કહ્યું હતું કે જો પાકિસ્તાન સર ક્રીક વિસ્તારમાં કોઈ પગલું ભરશે, તો તેનો જવાબ એવો હશે જે ઈતિહાસ અને ભૂગોળ બંનેને બદલી નાખશે. આ યુદ્ધ કવાયત પાકિસ્તાની સરહદને અડીને આવેલા વિસ્તારમાં સર ક્રીક નજીક યોજાશે. સંરક્ષણ વિશ્લેષક ડેમિયન સિમોને સેટેલાઈટ છબીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે આ કવાયત ૨૮,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી લંબાશે, જે તેને તાજેતરના વર્ષોમાં સૌથી મોટા લશ્કરી કાર્યવાહીમાંનો એક બનાવશે.

રાજસ્થાનમાં ભારત-પાકિસ્તાન સરહદ પર અત્યાર સુધીની સૌથી મોટી લશ્કરી કવાયત ૧૨ દિવસ માટે યોજાશે. થારમાં સંયુક્ત કવાયતમાં આર્મી, એરફોર્સ અને નેવીના ૩૦,૦૦૦ સૈનિકો ભાગ લેશે. આ કવાયત ૩૦ ઓક્ટોબરથી શરૂ થશે અને ૧૦ નવેમ્બર સુધી ચાલુ રહેશે. આ કવાયત દરમિયાન સરહદના કેટલાક વિસ્તારોમાં વાણિજ્યિક ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવામાં આવી શકે છે. આ કવાયત જેસલમેર વિસ્તારથી ગુજરાતના સર ક્રીક વિસ્તાર સુધી યોજાશે.














# ધારીના આંબરડી સફારી પાર્કમાં વિવિધ સુવિધા વિકસાવવા પ્રવાસીઓની માગણી

ધારી,તા.૨૬

ધારી શહેરથી સાત કિલોમીટર દુર આવેલ આંબરડીમાં સફારી પાર્ક બનાવીને તેને પ્રવાસન સ્થળ તરીકે જાણીતું બનાવવામાં આવી રહ્યું છે. રજાઓના દિવસોમાં અહીં મોટી સંખ્યામાં પ્રવાસીઓ મુલાકાતે આવી રહ્યા છે. પરંતુ પ્રવાસીઓ વધુ સુવિધા વિકસાવવાની માગણી કરી રહ્યા છે. નજીકમાં આવેલા ખોડિયાર ડેમમાં નૌકા વિહારની વ્યવસ્થા કરવામાં આવે અને સાથે જ આંબરડી સફારી પાર્ક ખાતે બસને બદલે ખુલ્લી જીપ્સીની વ્યવસ્થા કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી રહી છે. ગળધરા ખોડિયાર મંદિર, ખોડિયાર ડેમ, આંબરડી સફારી પાર્ક આ બધા ફરવાલાયક સ્થળોનો વિકાસ પણ ખુબ જ જરૂરી છે તેવું સ્થાનિકો માની રહ્યા છે અને તેથી ધારી શહેરમાં વેપાર-ધંધા અને રોજગાર પણ વધી શકે છે. વન વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ બસમાં બેસીને જ્યારે પ્રવાસીઓ સફારી પાર્કમાં જાય છે ત્યારે તેમને યોગ્ય રીતે સિંહ જોવા મળતા નથી અને સાથોસાથ અન્ય વન્યપ્રાણીઓ પણ આ સફારી પાર્કમાં નથી તેવું પ્રવાસીઓએ જણાવ્યું હતું.




# ખેડૂતોને સહાય નહીં, પરંતુ દેવા માફ કરવા પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મુખ્યમંત્રીને કરી રજૂઆત

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાવરકુંડલા-લીલીયાના પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત દ્વારા રાજ્યના મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર પાઠવીને ખેડૂતોના પ્રશ્ને આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે હવે સરકારે ઉત્સવોમાંથી બહાર આવીને ખેડૂતોને માત્ર સહાય નહીં, પરંતુ તેમના દેવા માફ કરીને વાસ્તવિક રાહત આપવાની જરૂર છે. હાલ વર્ષ ૨૦૨૫માં પણ સતત કમોસમી વરસાદ અને અતિવૃષ્ટિના કારણે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે, જેનાથી તેમની આર્થિક પરિસ્થિતિ વધુ દયનીય બની છે. દુધાતે સરકારની નીતિ પર કટાક્ષ કરતાં જણાવ્યું કે, અત્યારની સ્થિતિમાં માત્ર ડિજિટલ સર્વે કરીને ખેડૂતોનું ભલું થવાનું નથી. તેમણે માગણી કરી કે, ખેડૂતોની વાસ્તવિક પરિસ્થિતિ અને તેમની મનોદશાને ધ્યાને લઈને યોગ્ય નીતિ ઘડવામાં આવે.



# બધાને શું કામ ગાળો બોલે છે કહેતા ઢીકાપાટુ માર્યા

બગસરા, તા.૨૬

બગસરાના મોટા મુંજીયાસર ગામે 'બધાને શું કામ ગાળો બોલે છે' તેમ કહેતા ઢીકાપાટુ મારવામાં આવ્યા હતા. બનાવ અંગે લાલજીભાઈ માણસુરભાઈ ઉર્ફે માણાભાઈ રાઠોડે અમીતભાઈ લાલજીભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના કૌટુંબીક ભાઈ મરણ પામ્યા હોવાથી તેમનું બેસણું રાખ્યું હતું. ત્યાં હાજર તમામ માણસોને જેમ ફાવે તેમ ગાળો બોલતા 'બધાને ગાળો શું કામ બોલે છે' તેમ કહ્યું હતું. આરોપીએ 'તમો તથા આજુબાજુ વાળા મારા વિરૂધ્ધમાં અવારનવાર પોલીસ સ્ટેશનમાં શું કામ ફરિયાદ કરો છો' તેમ કહી ફરીને જેમ ફાવે તેમ ગાળો બોલી તેમનો કાંઠલો પકડીને શરીરે ઢીકાપાટુનો આડેધડ મુંઢમાર મારી નીચે પછાડી દીધા હતા તેમજ જતાં જતાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ અકસ્માતમાં ઘવાયેલા વ્યક્તિને પોતાની ગાડીમાં બેસાડી હોસ્પિટલ પહોંચાડ્યા

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલા અને લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા માત્ર વિકાસશીલ કામોમાં જ નહીં, પરંતુ સેવાકીય કાર્યોમાં પણ અગ્રેસર રહે છે, જેની નોંધ સમગ્ર ગુજરાતમાં લેવાઈ રહી છે. તાજેતરમાં, ઝીંઝુડાથી સાવરકુંડલા તરફના માર્ગ પર એક માર્ગ અકસ્માત થયો હતો, જેમાં એક વ્યક્તિને ઈજા પહોંચી હતી. આ સમયે ધારાસભ્ય મહેશભાઈ



કસવાલા ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેમણે તત્કાળ અકસ્માતમાં ઈજા પામેલા રાહુલ અશોકભાઈ બિહારી નામના દર્દીને પોતાની અંગત ગાડીમાં બેસાડીને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ સુધી પહોંચાડ્યા હતા અને તેમની સારવાર પણ કરાવી હતી.

# થોરખાણ ગામે રામજી મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ શરૂ

બાબરા, તા. ૨૬

બાબરા તાલુકાના થોરખાણ ગામમાં આવેલ શ્રી રામજી મંદિર ખાતે ૨૯થી ૩૧ ઓક્ટોબર સુધી ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. સમગ્ર ગામ રામભક્તિના રંગે રંગાઈ ગયું છે. ગામજનો દ્વારા સમગ્ર કાર્યક્રમની ભવ્ય તૈયારીઓ કરવામાં આવી રહી છે. મંદિર પરિસર, ગામના માર્ગો દીવાદાંડી, ઝાલર અને ફૂલોથી સુંદર રીતે સજાવવામાં આવી રહ્યા છે. ગામના નાના-મોટા સૌ નાગરિકો ઉત્સાહપૂર્વક સેવા અને આયોજનમાં જોડાયા છે. આ મહોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો, ભજન, કીર્તન વગેરે યોજાશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સમગ્ર ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

# રાજુલા પીટીસી કોલેજ ખાતે ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થીઓનું સ્નેહમિલન યોજાયું

રાજુલા,તા.૨૬

રાજુલા ખાતે આવેલ બાપા સીતારામ પીટીસી કોલેજમાં પીટીસી પૂર્ણ કરેલ તાલીમાર્થીઓનો ૧૫ વર્ષ બાદ સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં તમામ પૂર્વ પ્રાધ્યાપકોનું ઋણ સ્વીકાર કરવામાં આવ્યુ અને સન્માન પત્ર એનાયત કરવામાં આવેલ હતા. કોલેજના ભૂતપૂર્વ તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તેમના કોલેજ સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન સંસ્થા અને ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થીઓના સહયોગથી કરવામાં આવ્યું હતું.



# રાજુલાની બજારમાંથી અજાણ્યા ઈસમ દ્વારા વકીલનો મોબાઈલ ચોરાયો

**દુકાનમાં વસ્તુ લેવા ગયા અને ગઠીયો કળા કરી ગયો**

રાજુલા, તા. ૨૬

રાજુલામાંથી વકીલનો મોબાઈલ ચોરાયો હતો. વિંધ્યાબેન ઉર્ફે મુન્નીબેન મોહનલાલ લાલવાણી (ઉ.વ.૫૩)એ જાહેર કર્યા મુજબ, તેમણે પોતાની મોટર સાયકલના આગળના ભાગમાં મોબાઈલ મૂક્યો હતો. જે બાદ તેઓ ફૂલવાળાની દુકાને ગયા હતા, ત્યાંથી પરત ફર્યા ત્યારે ફોન જોવા મળ્યો નહોતો. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એસ. બાબરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસોથી બાબરા-નીલવડા રોડના રીસર્ફેસિંગ માટે રૂ. ૪ કરોડ મંજૂર

બાબરા, તા. ૨૬

બાબરા-નીલવડા ગામને જોડતા મુખ્ય માર્ગના રીસર્ફેસિંગ માટે રાજ્ય સરકારે રૂ. ૪ કરોડ મંજૂર કર્યા છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સતત પ્રયાસોથી આ મંજૂરી મળી છે. બાબરા-નીલવડા રોડની ખરાબ હાલતને કારણે ગ્રામજનોને લાંબા સમયથી અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ બાબત ધારાસભ્ય તળાવીયાના ધ્યાન પર આવતા તેમણે રાજ્ય સરકાર સમક્ષ તાત્કાલિક રજૂઆત કરી હતી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા હવે આ રોડના રીસર્ફેસિંગ માટે ગ્રાન્ટ ફાળવાઈ છે. ધારાસભ્ય તળાવીયાએ જણાવ્યું કે મુખ્યમંત્રી તથા માર્ગ-મકાન મંત્રીએ લોકહિતમાં નિર્ણય લીધો છે, જે બદલ તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.



# ચલાલામાં 'મન કી બાત' કાર્યક્રમમાં ભાજપ કાર્યકર્તાઓની ઉપસ્થિતિ

ધારી,તા.૨૬

ધારી તાલુકાના ચલાલા શહેર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના પ્રેરણાદાયી "મન કી બાત"ના ૧૨૭મા કાર્યક્રમનું શ્રવણ ચલાલા શહેર ભાજપ કાર્યાલય ખાતે કરવામાં આવ્યું. કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ભાજપના અધ્યક્ષ અતુલભાઈ કાનાણી, શહેર ભાજપ પ્રમુખ જીતુભાઈ કાથરોટીયા, મહામંત્રી ચિરાગભાઈ માલવીયા, નગરપાલિકા પ્રમુખ ભૈયલુભાઈ વાળા, ઉપપ્રમુખ પ્રવિણભાઈ માલવિયા તેમજ વિવિધ આગેવાનો અને કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે અતુલભાઈ કાનાણી, ભૈયલુભાઈ વાળા અને સદસ્ય ચાપરાજભાઈ ધાધલે પ્રેરણાદાયી ઉદ્‌બોધન આપ્યું હતું. કાર્યક્રમમાં "મન કી બાત" દ્વારા પ્રધાનમંત્રીએ આપેલા સંદેશથી કાર્યકર્તાઓ ઉત્સાહિત થયા હતા.



# ચિતલમાં ૧૨૨મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૨૬

ચિતલમાં વિદ્યા ભારતી ટ્રસ્ટ અને રણછોડદાસ હોસ્પિટલ રાજકોટ દ્વારા સરસ્વતી વિદ્યા મંદિર ખાતે મોતીભાઈ કાનાણીના સહયોગથી રવિવારે ૧૨૨મો નેત્ર નિદાન કેમ્પ બ્રહ્મ અગ્રણી છેલભાઈ જોશી કોડીનારવાળાના પ્રમુખ સ્થાને યોજાયો હતો. જેનું ઉદ્‌ઘાટન અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ રાજુભાઈ કાબરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, જશવંતગઢ ચિતલના અગ્રણી ઉદ્યોગપતિ જયસુખભાઈ દેસાઈ, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ચેતનભાઈ ધાનાણી ખાસ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. તમામ દર્દીઓની રણછોડદાસ હોસ્પિટલ દ્વારા સંપૂર્ણ નિઃશુલ્ક સારવાર અને તપાસ કરવામાં આવી હતી અને મોતિયાના ઓપરેશનનું આયોજન કરાયું હતું. આ કેમ્પને સફળ બનાવવા દિનેશભાઈ મેસિયા, બિપીનભાઈ દવે, જીતુભાઈ વાઘેલા, ખોડભાઈ ધંધુકિયા, છગનભાઈ કાછડીયા, બકુલભાઈ ભીમાણી, ભાવેશભાઈ ધંધુકિયા, રવજીભાઈ બાબરીયા, ઉકાભાઈ દેસાઈ, હસુભાઈ ડોડીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.











### લાઠીના ભીંગરાડ ગામની સીમમાં પરપ્રાંતીય શખ્સે હત્યાને અંજામ આપ્યો

# પ્રેમલગ્નનો કરૂણ અંજામ: પતિએ પત્નીનું ગળુ દબાવી હત્યા કરી

અમરેલી,તા.૨૬

લાઠીના ભીંગરાડ ગામે ખેતમજૂર મહિલાની હત્યાની ઘટના સામે આવી છે. પતિએ મુંઢમાર માર્યા બાદ ગળું દબાવીને પત્નીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. સમગ્ર ઘટનાને લઈને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધીને મહિલાના મૃતદેહને પીએમ અર્થે મોકલ્યો અને ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી હતી. આખરે આરોપી પતિની ગણતરીના સમયમાં પોલીસે ધરપકડ કરી હતી.



ભીંગરાડ ગામની સીમમાં મજૂરીકામ કરતા દીપલાભાઈ રામાભાઈ વસુનીયાએ લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, સાત વર્ષ પહેલા તેમની મોટી બેન સમલીએ મુકેશ મીરીયા ભુરીયા સાથે પ્રેમલગ્ન કર્યા હતા અને સમલીએ ત્રણ દીકરીઓને જન્મ આપ્યો હતો. મુકેશ તેના પરિવાર સાથે ભીંગરાડ ગામે ઘનશ્યામભાઈ કાકડીયાની વાડીમાં ભાગીયુ રાખીને કામ કરતો હતો. મુકેશ અને સમલીને કામ બાબતે વારંવાર ઝઘડા થતા હતા અને અવારનવાર બોલાચાલી થતી હતી. બનાવના દિવસે મુકેશના ભાઈનો દીપલાભાઈ પર ફોન આવ્યો કે મુકેશ અને સમલી ઝઘડો કરે છે આથી તમે ત્યાં જલદી પહોંચો આથી દીપલાભાઈનો પરિવાર ભીંગરાડ ઘનશ્યામભાઈ કાકડીયાની વાડીએ પહોંચ્યો હતો અને વાડીમાં આવેલી ઓરડીમાં જોયુ તો સમલી ચાદર ઓઢીને સુતી હતી અને હાથ અને સાથળમાંથી લોહી વહી રહ્યુ હતું. જેથી કંઈ અજુગતુ બની ગયુ હોવાની આશંકા જતા તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. સમલી મૃત્યુ પામી હોવાનું જાણવા મળતા પોલીસે તાત્કાલિક મૃતદેહને પીએમ માટે મોકલી આપ્યો હતો અને ફરાર આરોપી પતિ મુકેશને પકડવા ચક્રો ગતિમાન કરતા આરોપી મુકેશને ગણતરીના સમયમાં લાઠી પોલીસે ઝડપી પાડ્યો હતો.

**આરોપી મુકેશ ત્રણ સંતાનોને લઈ ભાગ્યો**

મુકેશ તેની પત્ની સમલીને બોથડ પદાર્થના ઘા મારી ગળુ દબાવી હત્યા કર્યા બાદ પોતાની ત્રણ દીકરીઓને લઈ ભાગ્યો હતો. આરોપી વધુ દુર નાસી ન જાય તે માટે પોલીસે તાત્કાલિક ટીમ બનાવી મુકેશને ગણતરીના સમયમાં ઝડપી લીધો હતો. અમરેલી જિલ્લાના લાઠીના ભીંગરાડ ગામે ખેતમજૂર મહિલાની હત્યાની ઘટના સામે આવી છે. પતિએ મુંઢમાર માર્યા બાદ ગળું દબાવીને પત્નીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. સમગ્ર ઘટનાને લઈને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધીને મહિલાના મૃતદેહને પીએમ અર્થે મોકલ્યો હતો. આરોપી મુકેશને પીઆઈ સોની, શૈલેષભાઈ કામળીયા, વિશ્વજીતસિંહ ગોહિલ, સુનીલભાઈ રાઠોડ, પરેશભાઈ ચૌહાણ સહિતનાઓએ જ ઝડપી પાડી જેલહવાલે કર્યો હતો.

# બાબરામાં ખેતમજૂરી કરતી સગીરાની છેડતી, વિરોધ કરનાર પરિવાર પર હુમલો

**આરોપીએ ઈંટ અને લાકડી વડે માર માર્યો**

બાબરા, તા.૨૬

બાબરામાં ખેતરમાં મજૂરાકામ કરતી ૧૬ વર્ષની સગીરાની છેડતી કરીને તેને જબરજસ્તી ગાડીમાં બેસાડવાનો પ્રયાસ કરવા બદલ અને જ્યારે સગીરાના પરિવારે વિરોધ કર્યો ત્યારે તેના પર હુમલો કરવા બદલ એક શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ હુમલામાં સગીરાના ભાઈ અને પિતાને ઈજા પહોંચી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સગીરા જ્યારે ખેતમજૂરીના કામે જતી હતી ત્યારે આરોપી વિક્રમભાઈ જેઠસુરભાઈ વાળા સતત પીછો કરતો હતો. તા.૨૩/૧૦/૨૦૨૫ ના રોજ બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યે સગીરા ખેતરમાં હતી ત્યારે આરોપી ત્યાં પહોંચી ગયો હતો. આરોપીએ સગીરાનું કુર્તું પકડી લીધું હતું અને તેને જબરજસ્તી ગાડીમાં બેસવાનું કહ્યું હતું. સગીરાએ રાડ પાડતા તેના પિતા અને ભાઈ ત્યાં દોડી આવ્યા હતા. બંનેએ આરોપીને સમજાવવાનો પ્રયાસ કરતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો. આરોપીએ સગીરાના ભાઈને ખભાના ભાગે ઈંટનો ઘા મારી મૂઢ ઈજા પહોંચાડી હતી. આ બનાવ બાદ ફરિયાદી આરોપીને તેની વાડીએ સમજાવવા ગયા હતા, પરંતુ આરોપીએ ત્યાં પણ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. તેણે ફરિયાદીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. આ દરમિયાન આરોપીએ ફરિયાદીને પેટના ભાગે પાટુ માર્યું હતું અને ફરિયાદીના પતિ ભૂપતભાઈને હાથના ભાગે લાકડીનો એક ઘા મારી મૂઢ ઈજા પહોંચાડી હતી. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના આઝાદ ચોકમાં ફોરવ્હીલ પાર્ક કરવા મુદ્દે વેપારી પિતા-પુત્ર પર હુમલો

**ગાળાગાળી બાદ લોખંડના પાઇપથી માર માર્યો**

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલાના આઝાદ ચોક વિસ્તારમાં વેપાર અર્થે ગયેલા એક પિતા અને પુત્ર પર જાહેરમાં ગાળાગાળી કરીને બાદમાં લોખંડના પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. ફોરવ્હીલ ગાડી પાર્ક કરવા જેવી નજીવી બાબત આ હુમલાનું કારણ બની હતી. આ અંગે કેયુરભાઈ સંજયભાઈ ભટ્ટ (ઉ.વ.૨૯)એ સલમાનભાઈ જમાલભાઈ કુરેશી તથા બે અજાણ્યા માણસો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તેમના પિતા સાથે ફોરવ્હીલ ગાડીમાં ફેરીનો સર-સામાન લઈને આઝાદ ચોકમાં વેપાર કરવા ગયા હતા. તેઓ સહારા પાન સેન્ટરમાં વેપારનો સામાન આપવા માટે ગાડી સાઈડમાં પાર્ક કરીને ઊભા હતા. જ્યારે તેમના પિતા ગાડીનો દરવાજો ખોલીને નીચે ઉતર્યા, ત્યારે આરોપી સલમાનભાઈ જમાલભાઈ કુરેશી ત્યાં આવી પહોંચ્યા હતા અને જાહેર જગ્યાએ તેમને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા.તેમણે આરોપી સલમાનભાઈને ગાળો આપવાની ના પાડતા, સલમાનભાઈએ ફરિયાદી અને તેમના પિતાને મુંઢમાર મારીને ત્યાંથી જતા રહ્યા હતા. જોકે, થોડી જ વાર બાદ સલમાનભાઈ ફરીથી બે અજાણ્યા માણસો સાથે ત્યાં આવ્યા હતા. આ વખતે સલમાનભાઈના હાથમાં લોખંડનો પાઈપ હતો. આરોપી સલમાનભાઈએ લોખંડના પાઈપ વડે તેમને અને તેના પિતાને શરીર પર આડેધડ મુંઢમાર મારવાનું શરૂ કરી દીધું હતું. તેમની સાથે આવેલા બે અજાણ્યા માણસોએ પણ ઢીકા-પાટુ વડે પિતા-પુત્રને મુંઢમાર મારી ઈજા પહોંચાડી હતી અને જેમ ફાવે તેમ ગાળો આપી હતી.

# સુરતથી અમરેલીમાં સસરાના ઘરે આવેલા જમાઈના કારમાં આગ લાગી

**વરસડા ગામના યુવકે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૨૬

દિવાળીના વેકેશન સમયે અનેક લોકો વતનમાં આવ્યા છે. આ દરમિયાન સુરતથી અમરેલી સસરાના ઘરે આવેલા જમાઈની કારમાં આગ લાગી હતી. બનાવ અંગે સુરતના નાના વરાછામાં ઈશ્વરકૃપા સોસાયટીમાં રહેતા મૂળ વરસડાના હીમલાયભાઈ ભગવાનભાઈ કીકાણી (ઉ.વ.૩૧) એ જાહેર કર્યા મુજબ, તેઓ કાર લઈને સસરાના ઘરે આવ્યા હતા અને ખુલ્લા પ્લોટમાં ઝાડ નીચે મૂકી હતી. જેમાં કોઈપણ રીતે આગ લાગી હતી. જેમાં બંને સીટ સુધીનો ભાગ સળગી ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના ખીજડીયા રાદડીયા ગામે થ્રેસરમાં ચૂંદડી આવી જતા યુવતી ઈજાગ્રસ્ત

અમરેલી, તા.૨૬

અમરેલીના ખીજડીયા રાદડીયા ગામની સીમમાં ચૂંદડી થ્રેસરના પંખામાં આવી જતાં યુવતી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. બનાવ અંગે મળતી વિગત મુજબ, આ ઘટના ત્યારે બની ત્યારે વાડીમાં થ્રેશર મશીનનું કામ ચાલી રહ્યું હતું. થ્રેસર પર બેઠેલા કામ કરતા માણસોએ પાણી માંગ્યું હતું. ભોગ બનનાર યુવતી તેમને પાણી આપવા માટે ગઈ હતી. પાણી આપવા જતી વખતે, યુવતીના ગળામાં રહેલી ચૂંદડી અચાનક થ્રેસરના ફરતા પંખામાં આવી ગઈ હતી. ચૂંદડી પંખામાં ફસાતા યુવતી ખેંચાઈ ગઈ હતી.

ચૂંદડી ખેંચાવાના કારણે યુવતીનું ગળું થ્રેશરના પંખાની નજીક રહેલી એંગલ સાથે અથડાયુ હતું. એંગલ ગળાના પાછળના ભાગે વાગવાથી મહિલાને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત થતાં જ તાત્કાલિક ભોગ બનનારને સારવાર માટે પ્રથમ અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, ઈજાની ગંભીરતાને જોતાં વધુ સારવાર માટે તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી.

હાલમાં ભોગ બનનાર યુવતીને રાજકોટ સિવિલ હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં દાખલ કરવામાં આવી છે, જ્યાં તેની સઘન સારવાર ચાલી રહી છે. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં ભાણેજના ઘરે આવેલા મામાની બાઈક ચોરાઈ

**ભુંડણી ગામના યુવકે ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૨૬

રાજુલામાં ભાણેજના ઘરે આવેલા મામાની બાઈક ચોરાઈ હતી. આ અંગે ખાંભાના ભુંડણી ગામના કિશોરભાઈ હરીભાઈ પરમાર (ઉ.વ.૪૨)એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તેમની મોટરસાયકલ લઈને રાજુલા ભાણેજના ઘરે આવ્યા હતા. અહીંથી બપોરના સમયે કોઈ અજાણ્યો ઈસમ તેમની બાઈકની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો.

પોલીસ ચોપડે બાઈકની કિંમત રૂ. ૧૫,૦૦૦ જાહેર થઈ હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના રામગઢ ગામે અનોખું ‘જીવતું જગતિયું’: ૧૦૧ વર્ષના દિવાળીબા લાખાણીની હયાતીમાં જ ધાર્મિક વિધિ

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલા તાલુકાના રામગઢ ગામે ૧૦૧ વર્ષની વયના લાખાણી પરિવારના મોભી દિવાળીબા બચુભાઈ લાખાણીની હયાતીમાં જ ‘જીવતા જગતિયા‘ની અનોખી વિધિ કરીને સમાજને એક અનુકરણીય સંદેશ આપવામાં આવ્યો છે. મૃત્યુ પછી કરવામાં આવતી પિંડદાન સહિતની ધાર્મિક વિધિઓ જીવંત વ્યક્તિની હાજરીમાં જ પૂર્ણ કરીને જીવનના આખરી તબક્કામાં પણ સમાજસેવાનો મહિમા સ્થાપિત કરવામાં આવ્યો હતો.



આ અનોખા મહોત્સવને માત્ર ધાર્મિક વિધિઓ સુધી સીમિત ન રાખતા, તેને સમાજસેવાનું માધ્યમ બનાવવામાં આવ્યો. લાખાણી પરિવારના ત્રણ પુત્રો, પાંચ પુત્રીઓ અને વિશાળ સગા-સંબંધીઓ સહિત કુલ ૧૦૧ ભાઈ-બહેનોએ રક્તદાન કરીને દિવાળીબાને ‘જીવતી શ્રદ્ધાંજલિ‘ ભેટ કરી હતી. આ ઉપરાંત, અનેક સગાઓએ આગામી ભવિષ્યમાં ચક્ષુદાન આપવાનો સંકલ્પ લઈને જીવનદાનની પ્રેરણા આપી હતી.

લાખાણી પરિવારના સભ્યોએ જણાવ્યું કે આ મહોત્સવ દિવાળીબાના લાંબા જીવનની સિદ્ધિની ઉજવણીની સાથે યુવા પેઢીને સમાજસેવાની પ્રેરણા આપવા માટે યોજાયો હતો. રામગઢ ગામના ઈતિહાસમાં આ પ્રથમ ‘જીવતું જગતિયું‘ યોજાતા સભ્ય સમાજને એક નવી દિશા મળી છે, જે માનવસેવાને પ્રાધાન્ય આપે છે.

# અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ.ઉષાકાન્તભાઈ એસ. વોરાનું તા. ૨૨/૧૦/૨૦૨૫ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમની સદ્ગતની પ્રાર્થના સભા તા.૨૭/૧૦/૨૦૨૫ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે શ્રી લોહાણા વિદ્યાર્થીભવન મહુવા રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ગં.સ્વ.અનસુયાબેન હર્ષદભાઈ ત્રિવેદી (ઉ.વ.૮૫)નું તા.૨૪/૧૦/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.હર્ષદભાઈ ગીરજાશંકર ત્રિવેદીના પત્ની અને પરાગભાઈ ત્રિવેદીના માતૃશ્રી તથા ભદ્રેશભાઈ-ચિરાગભાઈ-મેહુલભાઈ ત્રિવેદીના ભાભુ, પ્રિયાશંભાઈ અને ક્રિષાબેનના દાદી તથા સ્વ.જગજીવનદાસભાઈ વ્યાસની પુત્રી અને સ્વ. મહિપભાઈ તથા સ્વ.ધીરૂભાઈ વ્યાસની બહેન તથા વિજયભાઈ મહિપભાઈ વ્યાસના ફૈબા થાય છે. તેમની સદ્ગતની સાદડી તા.૨૭/૧૦/૨૦૨૫ને સોમવારના રોજ સાંજના ૩થી ૬ કલાકે પરશુરામ ઉપવન, ગર્લ્સ હાઈસ્કૂલ પાસે, સાવરકુંડલા ખાતે રાખેલ છે. પિયરપક્ષની સંયુક્ત સાદડી સાથે રાખેલ છે. સદ્ગતની ઉત્તરક્રિયા ધાર્મિક સ્થળે રાખેલ છે.

**મોટા કણકોટ**

ગં.સ્વ. મંજુલાબેન જીવનભાઈ દવેનું તા.૨૫/૧૦/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.જીવનભાઈ રાઘવજીભાઈ દવેના ધર્મપત્ની, રમેશભાઈ દવે તથા સતીશભાઈ દવેના માતૃશ્રી, રાકેશભાઈ આર. દવે, સંકેતભાઈ એસ. દવેના દાદી અને સ્વ. બટુકભાઈ, સ્વ.શાંતિભાઈ તેમજ મુકુંદભાઈ આર. દવેના ભાભી થાય છે.

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૫૯/૨૦૨૫ — તા.૦૩/૧૦/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. જરીનાબેન સુલેમાનભાઈ કારવા વાઈફ ઓફ તરકવાડીયા મહેબુબભાઈ
રહે. ખાટકીવાડ સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ-૧. જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી જરીનાબેન સુલેમાનભાઈ કારવાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૮૪ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા





GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ, જેથી તેઓ ફરીથી સાંભળી શકે આપણી વાત
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

### ફોર-વ્હીલ સાથે મોટરસાયકલ અથડાતા રહી જવા મુદ્દે ઘટના બની

# ધારીના ઈંગોરાળા (ડુંગરી) ગામે નજીવી બાબતે યુવક પર જીવલેણ હુમલો

ધારી, તા. ૨૬

ધારી શહેરના બસ સ્ટેન્ડ નજીક પેટ્રોલ પંપ પાસે ફોર-વ્હીલ સાથે મોટરસાયકલ અથડાતા-અથડાતા રહી જવાની નજીવી બાબતે શરૂ થયેલો ઝઘડો હિંસક બન્યો હતો. આ ઘટનામાં ફોર-વ્હીલના ચાલક અને તેના સાથીઓએ એક યુવક પર જીવલેણ હુમલો કર્યો, જેમાં યુવકને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ અંગે કુલદીપભાઈ સુરીગભાઈ ખાચર (ઉ.વ.૨૪) એ અજય વણોદીયા, એજાઝ ડબાવાલા તથા અન્ય અજાણ્યા પાંચથી છ લોકોના ટોળા સામે ફરિયાદ નોંધાવી હતી.

તેઓ અને ઈજા પામનાર નરેશભાઈ રામભાઈ ચાંદુ તેમના સાહેદ મહેશભાઈ સાથે અમરેલી ખાતે મોટરસાયકલની ડિલિવરી લેવા આવ્યા હતા. ડિલિવરી લીધા બાદ તેઓ બસ સ્ટેન્ડ પાસેના પેટ્રોલ પંપ પર નવું બાઈક લઈને પેટ્રોલ પુરાવવા જઈ રહ્યા હતા.

આ દરમિયાન, આરોપીની ફોર-વ્હીલ તેમની મોટરસાયકલ સાથે ભટકાતા-ભટકાતા રહી ગઈ હતી.

નરેશભાઈએ આ બાબતે ફોર-વ્હીલના ચાલકને સંભાળીને ગાડી ચલાવવાનું કહેતા આરોપી ઉશ્કેરાયો હતો. તેણે નરેશભાઈને ગાળો આપી અને ગાડીમાંથી ધોકો કાઢીને ધોકાનો એક ઘા નરેશભાઈના સાથળના ભાગે માર્યો હતો. બાદમાં જાનથી મારી નાખવાની ધમકી આપીને આરોપી ત્યાંથી જતો રહ્યો હતો.

હુમલા બાદ ફરિયાદી અને સાહેદો ઘરે જવા નીકળ્યા હતા. તેઓ અમરેલી જિલ્લા પંચાયત રોડ પર સિવિલ હોસ્પિટલ તરફ જતા ખૂણા પાસે પહોંચ્યા ત્યારે આરોપીએ નરેશભાઈને બૂમ પાડીને ઊભા રાખ્યા હતા. ત્યારબાદ આરોપી સહિત તમામ આરોપીઓએ પૂર્વ આયોજન મુજબ ગેરકાયદેસર મંડળી રચીને તેમને અને સાહેદોને ગાળો આપી પથ્થરના છૂટા ઘા કર્યા હતા. જ્યારે નરેશભાઈ અને અન્ય લોકો ભાગવા ગયા, ત્યારે પ્રાણઘાતક હથિયાર લોખંડનો પાઈપ લઈ નરેશભાઈના માથામાં જોરદાર ઘા માર્યો, જેના કારણે નરેશભાઈ ગંભીર રીતે ઘાયલ થઈ ગયા અને બેસી ગયા. આરોપીએ નરેશભાઈના શરીર પર પાઈપ વડે આડેધડ ઘા મારી મૂઢ ઈજાઓ પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે ફરિયાદી વચ્ચે પડ્યા, ત્યારે આરોપીઓ પૈકી કોઈએ ફરિયાદીના જમણા પગના સાથળના પાછળના ભાગે પણ પાઈપનો ઘા મારી ઈજા પહોંચાડી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધીને તમામ આરોપીઓ વિરુદ્ધ ગેરકાયદેસર મંડળી રચવા, હુમલો કરવા અને હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# રાજુલામાં વ્યાજખોરીના મનદુઃખમાં દુકાન પર ધમાલ: તલવાર સાથે ધમકી

રાજુલા, તા. ૨૬

રાજુલામાં વ્યાજખોરીના મનદુઃખમાં બબાલ થઈ હતી. યુવકને તલવાર સાથે ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે રવજીભાઈ નરશીભાઈ ગોહિલ (ઉ.વ.૬૦) એ સાર્થક બાબુભાઈ રેણુકા તથા બાબુભાઈ ભીખુભાઈ રેણુકા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના દીકરા સાહેદ પ્રદિપભાઈએ બાબુભાઈ ભીખુભાઈ રેણુકા વિરુદ્ધ અગાઉ નાણાં ધીરધાર બાબતે ફરિયાદ કરી હતી. આ વાતનું મનદુઃખ રાખીને, સાર્થક બાબુભાઈ રેણુકા પોતાના હાથમાં તલવાર લઈને ફરિયાદીની દુકાન આગળ આવ્યો હતો. ત્યાં તેણે તેમને તથા હાજર સાહેદોને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. એટલું જ નહીં, સાહેદ અયુબભાઈને ગાલ ઉપર ઝાપટો મારી મૂંઢ ઈજા પહોંચાડી હતી. ઉપરાંત તેમને તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઉપરાંત સાહેદ પ્રદીપભાઈને ફોન કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલી LCBએ વાહનચોરીના બે આરોપીને ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલ્યો

અમરેલી, તા. ૨૬

એલ.સી.બી. ટીમે સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે રામકુ કાળુભાઈ વાઘેલા (ઉ.વ. ૨૦, રહે. સનાળી, વડીયા) અને વિજય ઉર્ફે ડીગ્રી કાનજીભાઈ સાડમીયા (ઉ.વ. ૨૨, રહે. શિવરાજપુર, જસદણ) નામના બે ઈસમોને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં તેમણે બે વાહન ચોરીના ગુનાની કબૂલાત આપી હતી. આ બંને આરોપીઓએ, પકડવાના બાકી આરોપી અક્ષય કાળુભાઈ વાઘેલા સાથે મળીને, આશરે સાડા સાત મહિના પહેલાં ગોંડલ રેલ્વે સ્ટેશનના પાર્કિંગમાંથી હીરો સ્પ્લેન્ડર પ્લસ (GJ-૦૩-JF-૮૬૪૩) મોટરસાયકલની ચોરી કરી હતી. આ ગુનો ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હતો. ઉપરાંત ચાર મહિના પહેલાં સાવરકુંડલા-મહુવા રોડ પરના એક ફાર્મમાંથી પણ એક સ્પ્લેન્ડર પ્લસ (GJ-૦૫-૮૪૨૨) ની ચોરી કરી હતી. જોકે, આ મોટરસાયકલમાં પેટ્રોલ ખૂટી જતાં તેને સાવરકુંડલાની ખોડિયાર પાર્ક સોસાયટીની પાછળ બાવળની કાંટમાં સંતાડીને જતા રહ્યા હોવાની કબૂલાત આપી હતી. આ ગુનો સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો હતો. એલ.સી.બી.એ ચોરી થયેલ એક હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ કિંમત રૂ. ૨૫,૦૦૦ કબ્જે કર્યું હતું. પોલીસે બંને પકડાયેલા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખાંભા ગામે મારામારી અને છેડતીનો બનાવ: ટીવી જોતી મહિલાનો હાથ પકડી, પરિવાર પર હુમલો કર્યો

**૪ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ**

ખાંભા, તા. ૨૬

ખાંભામાં છેડતી અને મારામારીનો ગંભીર બનાવ બનવા પામ્યો હતો. આ ઘટનામાં ચાર જેટલા આરોપીઓએ એક મહિલાનો હાથ પકડી તેની છેડતી કરી હતી અને ત્યારબાદ મહિલા તેમજ તેના પરિવારના સભ્યો પર હુમલો કરીને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે મહિલાએ વિક્રમ ભરતભાઈ પરમાર, મહેશભાઈ મનુભાઈ પરમાર, હરેશભાઈ મનુભાઈ પરમાર તથા ભાવેશ મનુભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, બનાવ સમયે ફરિયાદી મહિલા તેમના પતિ, ભાઈ, બહેન અને બનેવી સાથે ગામમાં રહેતા કાજલબેનના ઘરે ટીવી જોઈ રહ્યા હતા. દરમિયાન, ફરિયાદી મહિલા શેરીમાં બહાર ઊભી હતી તે સમયે આરોપી વિક્રમ પરમાર ત્યાં આવી પહોંચ્યો હતો અને મહિલાનો હાથ પકડી તેની છેડતી કરી હતી. આ દરમિયાન મહેશ પરમારે મહિલાને લાફો મારી દીધો હતો. તમામ આરોપીઓએ ભેગા મળીને મહિલા તેમજ તેના પરિવારજનો પર આડેધડ હુમલો કરી માર માર્યો હતો. હુમલા દરમિયાન આરોપીઓએ પરિવારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં કોર્ટ મેરેજના મનદુઃખમાં માથાકૂટ 'ટાંટીયા ભાંગી નાખો હું બધું માથે લઈશ' કહી ધમકી આપી

**બોલાચાલી કરતા સમજાવવા ગયા હતા**

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલામાં રહેતા અને હીરાકામ કરતાં શૈલેષભાઈ ભીમાભાઈ મુંજપરા (ઉ.વ.૪૫)એ જયાબેન, ગોકુળભાઈ, ધીરૂભાઈ કુડેચા, જોનભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. ત્હોમતદારના સંબંધીના દીકરાએ કોર્ટ મેરેજ કર્યા હતા. તે બાબતનું મનદુઃખ રાખી તેમની દીકરી સાથે બોલાચાલી કરી હતી. તેઓ ત્યાં સમજાવવા જતા તેમને પકડી લઈ શરીરે મોઢાના ભાગે તેમજ આંખના ભાગે મુંઢમાર મારી પછાડી દીધા હતા. લોખંડની પાઈપથી વાંસાના ભાગે બે-ત્રણ ઘા મારી જતા રહેલ ત્યાર પછી લાકડી લઈ આવી શરીરે વાંસાના ભાગે તેમજ પગના ભાગે માર મારી મુંઢ ઈજા કરી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ 'હવે આ શૈલેષભાઈ અહિ આવે તો આના ટાંટીયા ભાંગી નાખો હું બધુ માથે લઈ લઈશ' તેમ કહ્યું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં સ્વામિનારાયણ મંદિરમાં રૂ. ૧.૯૫ લાખની ચોરીથી ચકચાર

**તસ્કરો રોકડા રૂ.૪૦,૦૦૦ પણ ઉઠાવતાં ગયા**

બાબરા, તા.૨૬

બાબરામાં સ્વામિનારાયણ મંદિરમાંથી રૂ. ૧.૯૫ લાખની ચોરીથી ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે સ્વામિનારાયણ મંદિરના પૂજારી ધર્મવલ્લભદાસ સ્વામીએ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તસ્કરે મંદિરમાં ગેરકાયદે પ્રવેશ કરી ગર્ભગૃહમાં જવાનો કાચનો દરવાજો તોડીને ત્રણ છતર, પંચધાતુની આરતી, બે દાનપેટીમાંથી રોકડા ૪૦ હજાર ગણી કુલ ૧,૯૫,૦૦૦ની ચોરી કરી લઈ ગયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.વી. રાઠોડ બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી પોલીસે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલો મોબાઈલ ફોન પરત અપાવ્યો

અમરેલી તા.૨૬




અમરેલી સિટી પોલીસે ગુમ થયેલ મિલકત મૂળ માલિકને પરત કરવાના 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમને સાર્થક કર્યો છે. પોલીસની સર્વેલન્સ ટીમે એક અરજદારનો ગુમ થયેલો મોબાઈલ ફોન શોધી કાઢ્યો છે. અમરેલીના જેસીંગપરા વિસ્તારના રહેવાસી ચિરાગભાઈ દિનેશભાઈ અજાણીનો મોબાઈલ ફોન ગત તા. ૧૩/૦૮/૨૦૨૫ના રોજ કેરિયા રોડ ખાતે આવેલી મીરા પાનની દુકાને જતી વખતે રસ્તામાં ક્યાંક પડી ગયો હતો. અરજદારે આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. અરજીના અનુસંધાને, અમરેલી સિટી પો. સ્ટે. સર્વેલન્સ ટીમે હ્યુમન સોર્સની મદદથી સઘન તપાસ હાથ ધરી હતી અને ગુમ થયેલો મોડેલનો, જેની કિંમત રૂ.૧૧,૫૦૦/- છે, તે ફોન શોધી કાઢ્યો હતો. પોલીસે તત્કાળ અરજદારને તેમનો ફોન પરત કરી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમને ખરા અર્થમાં સફળ બનાવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ:છઠ
તા. ૨૭-૧૦-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૬:૪૬,
સૂર્યાસ્ત-૦૬:૦૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વાષાઢા

## દૈનિક રાશિફળ

**તા.૨૭-૧૦-૨૦૨૫ સોમવાર**

- મેષ: આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. કાર્યસ્થળમાં નુકસાન ટાળવા માટે, તમે ખૂબ વિચારપૂર્વક નિર્ણય લેશો, જે ભવિષ્યમાં પરિસ્થિતિને મજબૂત બનાવશે.
- વૃષભ: આજે તમારા સારા કાર્યો તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધારશે. તમને વ્યવસાયમાં તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે.
- મિથુન: જો તમારું પ્રમોશન અટકેલું છે તો આજે તમને કેટલીક માહિતી મળી શકે છે.
- કર્ક: તમારા માતા-પિતાના આશીર્વાદ લીધા પછી ઘરની બહાર નીકળો, તમને કોઈ ખાસ સફળતા મળશે.
- સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.
- કન્યા: વ્યવસાયમાં ઝડપી નિર્ણયો લેવામાં નિષ્ફળતા વિક્ષેપ અને કામ ગુમાવવાનું કારણ બની શકે છે.
- તુલા: આજે તમે સ્વાસ્થ્યથી પરેશાન રહી શકો છો. રાજકારણ સાથે જોડાયેલા લોકોને લાભની સાથે નવી તકો મળશે.
- વૃશ્ચિક: આજે શારીરિક શક્તિ અને ઉત્સાહ વધુ રહેશે, પરંતુ બિનજરૂરી ખર્ચા સામે આવશે, જે ઇચ્છા ન હોવા છતાં મજબૂરી હેઠળ કરવા પડશે.
- ધનુ: આજનો દિવસ ગુરુ પ્રત્યે નિષ્ઠા અને ભક્તિથી ભરેલો રહેશે. આ સમયમાં આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે.
- મકર: નોકરી કરતા લોકોના અધિકારોમાં વધારો થવાની સાથે જવાબદારીઓ પણ વધશે.
- કુંભ: આજે તમારે ખાસ ધીરજથી કામ લેવું જોઈએ કારણકે ઉતાવળમાં કરેલા કામને કારણે નુકસાન થવાની સંભાવના રહેશે.
- મીન: આજે કોઈ કિંમતી વસ્તુથી લાભની શક્યતા રહેશે. નોકરી કરતા લોકોના ક્રમ અને અધિકારોમાં વધારો થશે.

# સાવરકુંડલાના દેતડ ગામે પહેલાની છેડતીની ફરિયાદ પાછી ખેંચવા સગીરાને ધમકી અપાતા એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલાના દેતડ ગામે છેડતીના કેસમાં સમાધાન માટે સગીરા પર દબાણ લાવવાના અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવાના મામલે ગંભીર ઘટના બની હતી. આરોપીના સતત માનસિક ત્રાસથી ડરી ગયેલી ભોગ બનનાર સગીરાએ ગઈકાલે એસિડ પીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભોગ બનનાર સગીરાના પિતાએ અગાઉ તા.૨૪/૦૨/૨૦૨૫ના રોજ આરોપી મુકેશભાઈ ભીખાભાઈ કુડેચા વિરુદ્ધ તેમની સગીર દીકરીની છેડતી કરવા બદલ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આરોપી સગીરાની ઉંમર જાણતો હોવા છતાં, છેલ્લા બે-એક મહિનાથી તે સતત સગીરાનો પીછો કરી રહ્યો હતો.

સગીરા સ્કૂલે જતી હતી ત્યારે આરોપી અવારનવાર તેનો પીછો કરતો હતો અને તેના પિતાએ અગાઉ કરેલી છેડતીની ફરિયાદ પાછી ખેંચી લેવા માટે દબાણ કરતો હતો. એટલું જ નહીં, જો ફરિયાદ પાછી નહીં ખેંચાય તો સગીરાના ભાઈ અને પિતાને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આરોપી સતત સગીરાને ફોન કરીને પણ પજવણી કરતો હતો. આરોપીના આ સતત ત્રાસ અને ધમકીઓને કારણે ભોગ બનનાર સગીરા ખૂબ જ ડરી ગઈ હતી. આ માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકીઓનો ડર એટલી હદે વધી ગયો કે, ડરના માર્યા સગીરાએ એસિડ પી લીધું હતું. જેથી તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

# થ્રેસર અને ટ્રેક્ટરની વચ્ચેના પપ્લરમાં ચૂંદડી વિંટળાઈ જતાં સગીરાનું મોત

બાબરા, તા.૨૬

બાબરાના ગળકોટડી ગામે કરૂણ ઘટના બની હતી. થ્રેસર તથા ટ્રેક્ટરના વચ્ચેના પપ્લરમાં અકસ્માતે આવી જતા ચૂંદડી ગળાના ભાગે વિંટળાઈ જવાથી ગળાફાંસો લાગી જતા શ્વાસ રૂંધાઈ જવાથી સગીરાનું મોત થયું હતું. બનાવ અંગે શૈલેષભાઈ અરજણભાઈ ગાંગાણી (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી રેણુકાબેન અરજણભાઈ ગાંગાણી (ઉ.વ.૧૭)નું થ્રેસર તથા ટ્રેક્ટરના વચ્ચેના પપ્લરમાં અકસ્માતે આવી જતા ચૂંદડી ગળાના ભાગે વિંટળાઈ જવાથી ગળાફાંસો લાગી જતા શ્વાસ રૂંધાઈ જવાથી મોત થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.આર. દાંતી વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં વાહન ધીમું ચલાવવા મુદ્દે બબાલ થઈ

બાબરા, તા.૨૬

બાબરામાં વાહન ધીમું ચલાવવા મુદ્દે બબાલ થઈ હતી. આ અંગે વિક્રમભાઈ જેઠુરભાઈ વાળા (ઉ.વ.૪૫) એ ભુપતભાઈ લાખાભાઈ રાઠોડ, તળશીભાઈ લાખાભાઈ રાઠોડ, રમેશભાઈ લાખાભાઈ રાઠોડ, જયદિપ ભુપતભાઈ રાઠોડ, રાજુભાઈ તળશીભાઈ રાઠોડ, કેતનભાઈ રમેશભાઈ રાઠોડ સહિત ત્રણ મહિલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે ભુપતભાઈ લાખાભાઈ રાઠોડના દીકરાને વાહન ધીમું ચલાવવા બાબતે ઠપકો આપ્યો હતો. જે બાબતનું મનદુઃખ રાખી આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી લોખંડની પાઈપ તથા લાકડી તથા લાકડાના ધોકા જેવા હથિયારો ધારણ કરી ગાળો આપી હતી. ઉપરાંત શરીરે મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એમ. ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાંથી આધેડનો મોબાઈલ ચોરાયો

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલામાં રહેતા એક આધેડ મોટરસાયકલ લઈને તેમના મકાને જતા હતા ત્યારે મોબાઈલ પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે છગનભાઈ કેશવભાઈ હેલાયા (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, તેઓ મોટરસાયકલ લઈને હાથસણી રોડ પર આવેલા તેમના નવા બનતા મકાને જતા હતા ત્યારે મોબાઈલ ફોન પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના ટાવર રોડ પર સુરતના વેપારીને છરી મારવાની ધમકી

અમરેલી, તા.૨૬

અમરેલીના ટાવર રોડ પર સુરતના ટેક્સટાઈલ વેપારીને છરીના ઘોદા મારવાની ધમકી આપી હતી. આ અંગે મૂળ બાબરાના વાવડી ગામના અને હાલ સુરતના પાસોદરામાં રહેતા ભાવેશભાઈ પરશોત્તમભાઈ કોલડીયા (ઉ.વ.૩૮)એ સમીર મકરાણી તથા અજાણ્યા ચાર માણસો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તથા સાહેદ તેમની ફોરવ્હીલ લઈને સુરતથી અમરેલી આવતા હતા. જૈન દેરાસર પાસે પહોંચતા સામેથી આવતી ફોરવ્હીલે તેમને ટક્કર મારી હતી. જે બાદ તેમાંથી ઉતરેલા લોકોએ ગાળો આપી અને સમીર મકરાણીએ છરીના ઘોદા મારવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમાનભાઈ યાસીનભાઈ કાઝી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના લાપાળીયા ગામે સમાધાનના મનદુઃખમાં લોખંડની પાઈપનો ઘા માર્યો

અમરેલી, તા.૨૬

અમરેલીના લાપાળીયા ગામે સમાધાનના મનદુઃખમાં યુવકને લોખંડની પાઈપનો ઘા મારવામાં આવ્યો હતો. બનાવ અંગે શાંતાબેન દિનેશભાઈ વાઘેલા (ઉ.વ.૩૫)એ રમેશભાઈ કવતીભાઈ વાઘેલા, નાગજીભાઈ ભાકુભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને તથા આરોપીને અગાઉ ફરિયાદ થયેલ અને સમાધાન થયું હતું. જે અંગેનું અગાઉનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમને ગાળો આપી હતી. તેમજ લોખંડના પાઈપનો ઘા માથામાં કપાળના ભાગે મારી ચાર ટાંકા લાવી ઈજા પહોંચાડી હતી. ઉપરાંત તેમના દીકરા સાહેદ જયરાજને લોખંડના પાઈપનો એક ઘા માથામાં મારી મુંઢ ઈજા કરી એકબીજાને આરોપીઓએ મદદગારી કરી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# ઓવરસીઝ મોબિલિટી બિલ

વિદેશમાં વસતા ભારતીય નાગરિકોની સુરક્ષા સહિતની સુવિધાઓ અંગે ભારત સરકારે ઓવરસીઝ મોબિલિટી બિલમાં મોટા સુધારા કર્યા છે અને તેનો અમલ પણ શરૂ કર્યો છે. ભારતના લાખો નાગરિકો વિદેશની અંદર સેવારત છે. તેની સુરક્ષા તથા સલામતી માટે ભારત સરકારે નવા વર્ષમાં મહત્વના પગલા લીધા છે અને તેનો અમલ પણ શરૂ કરી દીધો છે જેથી વિદેશમાં વસતા ભારતીય નાગરિકોની સલામતી વધુ મજબૂત બને. ભારતીય વિદેશ મંત્રાલય, જેને અંગ્રેજીમાં મિનિસ્ટ્રી ઑફ એક્સ્ટર્નલ અફેર્સ તરીકે ઓળખવામાં આવે છે, ભારત સરકારનો એક મહત્વપૂર્ણ વિભાગ છે જે દેશની વિદેશ નીતિનું નિર્માણ અને અમલીકરણ કરે છે. આ મંત્રાલયની સ્થાપના ૧૯૪૭માં ભારતની આઝાદી પછી થઈ હતી અને તે વિદેશી સંબંધો, કૂટનીતિ, વિદેશી વેપાર અને પ્રવાસી ભારતીયોના હિતોનું રક્ષણ કરવાનું કામ કરે છે. વર્તમાનમાં તેના વડા વિદેશ મંત્રી તરીકે કાર્યરત છે અને તે વિશ્વમાં ભારતનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં વિદેશી દૂતાવાસો, કોન્સ્યુલેટ અને આંતરરાષ્ટ્રીય સંગઠનો સાથેના સંબંધોનું સંચાલન સામેલ છે. આ મંત્રાલય પ્રવાસી ભારતીયોના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ ચલાવે છે અને વિદેશમાં અટવાયેલા અથવા મુશ્કેલીમાં મુકાયેલા નાગરિકોને મદદ પૂરી પાડે છે. તેની ભૂમિકા વૈશ્વિક સ્તરે ભારતના હિતોને મજબૂત કરવાની છે, જેમાં આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પાસાઓનો સમાવેશ થાય છે. આમ, વિદેશ મંત્રાલય ભારતને વિશ્વના મંચ પર મજબૂતી આપે છે અને તેના નાગરિકોને વૈશ્વિક તકો તરફ આગળ વધારે છે.૧૯૮૩ના ઈમિગ્રેશન એક્ટની વિગતો અને તેની મર્યાદાઓ પણ જાણવી જરૂરી છે. ૧૯૮૩નો ઈમિગ્રેશન એક્ટ, જેને અધિકૃત રીતે ધ ઈમિગ્રેશન એક્ટ, ૧૯૮૩ તરીકે ઓળખવામાં આવે છે, ભારતીય નાગરિકોના વિદેશ પ્રવાસ અને રોજગાર માટેના વિદેશ પ્રવાસને નિયંત્રિત કરવા માટે બનાવવામાં આવ્યો હતો. આ કાયદો ૧૦ સપ્ટેમ્બર, ૧૯૮૩ના રોજ અમલમાં આવ્યો અને તેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય કામદારોને વિદેશમાં રોજગાર મેળવવા માટેની પ્રક્રિયાને એકીકૃત કરવા અને તેમને છેતરપિંડી અને શોષણથી બચાવવાનો હતો. આ એક્ટ પહેલાના કાયદાઓને એકત્ર કરીને સુધારા અને તેમાં ભારતીય કામદારોના વિદેશ પ્રવાસને નિયમિત કરવા માટેના નિયમો નક્કી કર્યા હતા. તેમાં રિક્રુટિંગ એજન્ટ્સનું રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું હતું, જેથી અનધિકૃત એજન્ટ્સ દ્વારા કામદારોનું શોષણ થતું અટકાવી શકાય. આ કાયદા હેઠળ પ્રોટેક્ટર ઑફ ઈમિગ્રન્ટ્સની નિમણૂક કરવામાં આવી હતી, જે કામદારોના હિતોનું રક્ષણ કરે અને તેમના વિદેશ પ્રવાસને માન્યતા આપે. તેમાં ઈમિગ્રેશન ક્લિયરન્સની જરૂરિયાત પણ નક્કી કરવામાં આવી હતી, ખાસ કરીને અમુક દેશોમાં જતા અનપઢ અથવા અર્ધ-કુશળ કામદારો માટે. આ એક્ટમાં દંડ અને સજાના પ્રાવધાનો પણ છે, જેમ કે અનધિકૃત રિક્રુટમેન્ટ માટે જેલ અને દંડ. જોકે, આ કાયદો મુખ્યત્વે ગલ્ફ દેશો અને અન્ય વિકાસશીલ વિસ્તારોમાં જતા અનપઢ કામદારો પર કેન્દ્રિત હતો અને તેમાં કુશળ વ્યાવસાયિકો અથવા વિદ્યાર્થીઓના પ્રવાસને નિયંત્રિત કરવાના પ્રાવધાનો અપૂરતા હતા. સમય જતાં, આ કાયદાની મર્યાદાઓ સ્પષ્ટ થઈ છે, જેમ કે તે વૈશ્વિકીકરણના યુગમાં ભારતીયોના વધતા વૈશ્વિક મોબિલિટીને પહોંચી વળવામાં અસમર્થ છે અને પુનર્વસન જેવા પાસાઓ પર ધ્યાન આપતો નથી. તેમાં વિદેશમાં કામ કરતા કામદારોના અધિકારો અને તેમના પરત ફરવા પછીના સમર્થનની વ્યવસ્થા અપૂર્ણ છે, જે આજના સમયમાં તેને અપ્રસ્તુત બનાવે છે. વિદેશ મંત્રાલયે ૯ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ ઓવરસીઝ મોબિલિટી (ફેસિલિટેશન એન્ડ વેલ્ફેર) બિલનો ડ્રાફ્ટ જાહેર કર્યો છે, જે ૧૯૮૩ના જૂના ઈમિગ્રેશન એક્ટનું સ્થાન લેશે અને ભારતીય નાગરિકોને વૈશ્વિક કાર્યસ્થળમાં એકીકૃત કરવાના ઉદ્દેશ્ય સાથે તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રસ્તાવિત કાયદો ભારતીય કામદારોના સુરક્ષિત વળતરને સુનિશ્ચિત કરવા અને પરત ફરનારાઓના પુનર્વસન પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે, જે જૂના કાયદાની મુખ્ય કમીને પૂરી કરે છે. છેલ્લા છ વર્ષમાં ભારતે યુરોપ, એશિયા અને ગલ્ફના ૨૦થી વધુ વિકસિત દેશો સાથે લેબર મોબિલિટી કરારો પર હસ્તાક્ષર કર્યા છે.

# પુષ્પ : ૭

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)



ડૉ. હેડગેવારજી દ્વારા ઈ.સ. ૧૯૨૫ માં સ્થપાયેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાખાઓ ક્રમશઃ દિનપ્રતિદિન વધતી અને વિસ્તરતી રહી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા પ્રતિવર્ષ વિજયાદશમીના વાર્ષિક સમારંભમાં ડૉ. હેડગેવારજી દ્વારા અમૂલ્ય માર્ગદર્શન મળતું રહ્યું. ઈ.સ.૧૯૩૮ માં વાર્ષિક સમારંભમાં બોલતા ડૉ. હેડગેવારજીએ કહ્યું હતું કે,"રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એક એવું સંગઠન છે જે સમગ્ર રાષ્ટ્રને એક તાંતણે બાંધે છે. તેમનું અસ્તિત્વ રાષ્ટ્રની નબળાઈને દૂર કરશે. કેટલાક લોકો આ પ્રશ્ન ઉઠાવે છે કે - જ્યારે સંઘ ફક્ત હિન્દુઓ માટે છે અને હિન્દુઓને સંગઠિત કરે છે, તો તેને રાષ્ટ્રીય કેવી રીતે કહી શકાય ? મને ખાતરી છે કે બુદ્ધિશાળી લોકો આવું નહીં કહે. ભારત હિન્દુઓનું રાષ્ટ્ર છે તેથી દેશમાં ફક્ત તે જ સંસ્થાઓ રાષ્ટ્રીય હોવાનો દાવો કરી શકે છે જે હિન્દુઓના હિત માટે કાર્ય કરે છે. જો કોઈ હિંદુત્વનો અસ્વીકાર કરીને નવો રાષ્ટ્રવાદ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે તો તે તેની ભૂલ છે. આ ક્યારેય ન થઈ શકે. ભારત ભારત જ રહેશે. આ સૌથી પવિત્ર અને પ્રિય રાષ્ટ્રના ઉત્થાન માટે જરૂરી તાકાતનું નિર્માણ કરીને સંઘ આગળ વધી રહ્યો છે અને અમને વિશ્વાસ છે કે પૂર્વજોના આશીર્વાદ અને તમારા પ્રેમ અને સહકારથી સંઘ ટૂંક સમયમાં રાષ્ટ્રવ્યાપી બનશે."

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શરૂઆતથી લઈને અત્યાર સુધી મક્કમ ડગલે આગળ વધતા આ સંગઠનને ડૉ. હેડગેવારજીએ હિન્દુ સંગઠનનો બીજ મંત્ર આપ્યો હતો. હિન્દુ સમાજનું સંગઠન અને રાષ્ટ્રવાદનું પુનરુત્થાન - સંઘ આ બે સિદ્ધાંતોના આધારે કાર્ય કરે છે. ડૉ. હેડગેવારજીએ લગભગ ૧૫ વર્ષ સુધી સંઘના સરસંઘચાલક તરીકે સેવા આપી. તેમણે નાગપુરની બહાર સંઘનો વિસ્તાર કર્યો. સંઘની શાખાઓ અન્ય પ્રાંતોમાં શરૂ થઈ. ઈ.સ.૧૯૪૦ માં સંઘ શિક્ષા વર્ગમાં તેમણે અખંડ ભારતના લઘુ સ્વરૂપનો અનુભવ કર્યો. તેમણે સંઘ મંત્રથી પ્રભાવિત હિન્દુ સમાજને જોયો. ડૉ. હેડગેવારજીનો હિન્દુ રાષ્ટ્રનો અનુભવ અનુભવાત્મક હતો. તેથી જ ડૉ. હેડગેવારજીના શબ્દોમાં મંત્રની શક્તિ હતી. જેમ આપણા ઋષિઓ અને સંતોએ ઉગ્ર તપસ્યા કરીને શબ્દોને શક્તિ આપી તેવી જ રીતે ડૉ. હેડગેવારજીએ હિન્દુ શબ્દને મંત્રતત્વોથી ભરી દીધો અને હિન્દુ, હિંદુ સમાજ અને હિન્દુ રાષ્ટ્ર - આ ત્રણ શબ્દોના આધારે હિન્દુ સમાજનું સંગઠન કરવા માટે ડૉ. હેડગેવારજીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શરૂઆત કરી હતી. જેમ શાલીવાહને માટીની ઢીંગલીઓમાં પ્રાણ ફૂંકીને વિદેશી આક્રમણનો અંત લાવ્યો હતો તેવી જ રીતે ડૉ. હેડગેવારજીએ નબળા અને લાચાર હિંદુ સમાજને જાગૃત્ત કરવા માટે સંઘ મંત્રનો વિકાસ કર્યો હતો અને એના લીધે પરિણામ એ આવ્યું કે........ (૧) હિન્દુ સમાજને તેના અસ્તિત્વનો અહેસાસ થયો. (૨) સમાજના સંગઠનમાં આપણી સંસ્કૃતિ, પરંપરાઓ અને રિવાજોના યોગદાનની શોધખોળ શરૂ કરી. એક રીતે પોતાની મૂળ શોધવાની પ્રકૃતિ પ્રક્રિયા શરૂ થઈ. (૩) આપણને ખ્યાલ આવવા લાગ્યો કે આપણો સાંસ્કૃતિક વારસો શું છે અને સમય જતા તે કેવી રીતે ખોવાઈ રહ્યો છે. (૪) આપણને ખ્યાલ આવ્યો કે આપણે ભારતમાતાના પુત્રો છીએ અને એકબીજાના ભાઈઓ છીએ. ડૉ. હેડગેવારજીએ ઈ.સ. ૧૯૨૫ માં સંઘની શરૂઆત કરી હતી. આજે ઘણી બધી પેઢીઓ તેમણે બતાવેલા માર્ગ પર પણ કામ કરી રહી છે એટલું જ નહી પણ એ તેમના દ્વારા કહેવામાં આવેલા સંઘ મંત્રથી પ્રભાવિત પણ થઈ રહી છે. "આપણે હિન્દુ સમાજનું સંગઠન કરી રહ્યા છીએ" આ નાના વાક્યમાં છુપાયેલી પ્રચંડ ગતિશીલતાને અમલમાં મૂકવા માટે હજારો કાર્યકર્તા આજે તન, મન અને ધનથી કામ કરી રહ્યા છે. આ ડૉ. હેડગેવારજીના સંઘ મંત્રની શક્તિ છે. ડૉ. હેડગેવારજીના સંઘ મંત્રથી અનેક લોકો પ્રભાવિત થતા રહ્યા. કાશી યુનિવર્સિટીમાં પ્રાણીશાસ્ત્ર ભણાવતા માધવ સદાશિવ ગોલવલકર ઉર્ફે શ્રી ગુરુજી ઈ.સ.૧૯૩૪ ની આસપાસ ડૉ. હેડગેવારજીને મળ્યા અને સંઘમાં જોડાયા. ઈ.સ.૧૯૩૮ માં શ્રી ગુરુજીએ સંઘ શિક્ષા વર્ગના સર્વાધિકારી તરીકે કાર્યભાર સંભાળ્યો. ડૉ. હેડગેવારજીએ શ્રી ગુરુજીની પ્રતિભા અને સમર્પણ ભાવનાને પારખીને ઓગસ્ટ ૧૯૩૯ માં શ્રી ગુરુજીને સંઘના સરકાર્યવાહ તરીકે પસંદ કર્યા. ઈ.સ ૧૯૪૦ ની ૨૬ મી જૂનના રોજ ડૉ. હેડગેવારજીનું અવસાન થયું અને ડૉ. હેડગેવારજીની ઈચ્છા મુજબ શ્રી ગુરુજી સંઘના નવા સરસંઘચાલક બન્યા. આ રીતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના બીજા સરસંઘચાલક તરીકેની જવાબદારી શ્રી ગુરુજીના ખભા પર આવી.

સરસંઘચાલક તરીકેના પોતાના પહેલા ભાષણમાં શ્રી ગુરુજીએ કહ્યું કે,"જે વ્યક્તિ ડૉ. હેડગેવારજી જેવા મહાન વ્યક્તિત્વ સામે નમી શકતો નથી તે જીવનમાં કંઈ કરી શકતો નથી. મને તેમની પૂજા કરવામાં ગર્વની અનુભૂતિ થાય છે. ખરી પૂજા એ છે કે આપણે જેમની પૂજા કરીએ છીએ તેમના ગુણો અપનાવવાનો પ્રયાસ કરીએ. "શિવો ભૂત્વા શિવમ્ યજેત". આપણો ધર્મ શીખવે છે કે, શિવની પૂજા કરતી વખતે શિવ બનીને પૂજા કરો. સરસંઘચાલકનું પદ વિક્રમાદિત્યના સિંહાસન જેવું છે. તે સિંહાસન પર બેસીને ગોવાળના દીકરાએ પણ યોગ્ય ન્યાય આપ્યો. ડૉ. હેડગેવારજીએ આ પદને વિક્રમાદિત્યના સિંહાસનના સ્તર સુધી ઊંચું કર્યું છે. મારા જેવા સામાન્ય માણસને આ પદ પર બેસવાનો અવસર મળ્યો છે. મને ખાતરી છે કે ડૉ. હેડગેવારજી મને જે યોગ્ય હશે તે કહેવા અને કરવા માટે પ્રેરિત કરશે." ડૉ. હેડગેવારજીએ સંઘ શરૂ કર્યા ને માત્ર ૧૫ વર્ષ થયા હતા અને તેમનું અવસાન થયું, પરંતુ આ ૧૫ વર્ષોમાં સંઘના વિચારો ચોતરફ ફેલાઈ ગયા હતા. સંઘની શાખાઓ વિવિધ રાજ્યોમાં શરૂ થઈ હતી. ઘણા સમાજકલ્યાણ ઈચ્છતા મહાનુભાવો સંઘના શુભેચ્છક બન્યા. તેઓ સંઘના કામમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરતા હતા. સ્વતંત્રતા આંદોલન પુરજોશમાં ચાલી રહ્યું હતું. ડૉ. હેડગેવારજી પોતે પણ જે તે સમયે આ આંદોલનમાં સામેલ હતા. પરંતુ તેમણે સંઘના વિસ્તાર અને વૃદ્ધિ તરફ વધુ ધ્યાન આપ્યું. જ્યારે શ્રી ગુરુજીએ સંઘના બીજા સરસંઘચાલક તરીકેની જવાબદારીઓ સંભાળી ત્યારે તેમણે ડૉ. હેડગેવારજી દ્વારા બતાવેલા માર્ગ પર ચાલીને પોતાની યાત્રા શરૂ કરી. ઈ.સ.૧૯૪૨ માં 'ભારત છોડો' આંદોલન શરૂ થયું હતું. આ તે સમય હતો જ્યારે શ્રી ગુરુજીએ સંઘમાં પૂર્ણ - સમય પ્રચારકની વિભાવનાને લોકપ્રિય બનાવી હતી. ઘણા યુવાનો સંઘના પ્રચારક તરીકે વિવિધ સ્થળોએ જવા લાગ્યા અને સંઘનું કાર્ય કરવા લાગ્યા. સંઘના વિસ્તરણના કાર્યને વેગ પણ મળ્યો. દેશના ભાગલા તથા દેશની સ્વતંત્રતા જેવા દુઃખદ અને સુખદ સમયમાં સંઘ પોતાની શ્રેષ્ઠ ક્ષમતાથી કામ કરી રહ્યો હતો. શ્રી ગુરુજીના નેતૃત્વ હેઠળ ભાગલા સમયે જેઓ ભારત આવ્યા હતા તે બંધુઓની સ્વયંસેવકો દરેક શક્ય રીતે મદદ કરી રહ્યા હતા. ભાગલાનું દુઃખ કંઈક અંશે ઓછું થયું હતું ત્યાં તો દિલ્હીમાં મહાત્મા ગાંધીજીની હત્યા થઈ. સંગઠન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. શ્રી ગુરુજીને પકડી લેવામાં આવ્યા. આ અગ્નિમાંથી સંઘ સુરક્ષિત રીતે બહાર આવ્યો. વધુમાં રાષ્ટ્રીય સમસ્યા, આંતરરાષ્ટ્રીય સમસ્યા, જાતિવાદ, ભાષાવાદ, પ્રાંતવાદ વગેરે ઘણી સમસ્યાઓએ સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં ભયંકર સ્વરૂપ ધારણ કર્યું હતું. શ્રી ગુરુજીએ વિજયાદશમીના બૌદ્ધિક દરમિયાન સંઘ મંત્રના આધારે આ સમસ્યાઓનું નિરાકરણ કેવી રીતે લાવી શકાય એનું માર્ગદર્શન પણ આપ્યું હતું. ડૉ. હેડગેવારજીએ સંઘની પૃષ્ઠભૂમિ તૈયાર કરીને સંઘ વિચારધારાનું બીજ રોપ્યું હતું અને શ્રી ગુરુજીએ સંઘ બીજનું પોષણ અને રક્ષણ કર્યું. પરિણામે તે બીજમાં નવા અંકુર ફૂટ્યા.

# જ્યારે મનમાં મહાભારત ચાલતું હોય ત્યારે, કંઈ માગવું નહી, ફક્ત કૃષ્ણને માગવા

## મનન ચિંતન
### ભરત બાવીશી



જીવનનું સૌથી મોટુ યુદ્ધમેદાન કુરુક્ષેત્ર નથી, એ તો આપણા મનમાં જ છે. કેમ કે કુરૂક્ષેત્રની લડાઈ અમુક દિવસોમાં પૂરી થઈ ગઈ હતી પરંતુ એનું પરિણામ ઈતિહાસ બદલનારૂ હતું. જ્યારે આપણા જીવનમાં તો સતત કૈંક ને કૈંક ક્રિયાઓ, પ્રતિક્રિયાઓ, નિર્ણયો, મંતવ્યો, કૈંક નવી શરૂઆત, પ્રારંભ કે અંત, જૂના સંબંધો જાળવી રાખવા, નવા સંબંધો બાંધવા, કોની સાથે ઉઠવું, બેસવું કે રહેવું, પક્ષાપક્ષીની રમતમાં નિષ્પક્ષ રહેવું વગેરે જેવા અનેક પડકારો ડગલે ને પગલે આવે છે ત્યારે મનમાં સતત ગડમથલ ચાલતી હોય છે. આપણે દરરોજ કોઈ ને કોઈ રૂપે સત્ય-અસત્ય, ધર્મ-અધર્મ, અહંકાર-વિનમ્રતા, આશા-નિરાશા વચ્ચેનું યુદ્ધ લડતા હોઈએ છીએ. આ જ છે મનનું મહાભારત — જ્યાં એક બાજુ "મન" બોલે છે અને બીજી બાજુ "આત્મા" નો અવાજ પોકારતો હોય છે. મનનું કહ્યું માનવું કે હૃદયના રસ્તે ચાલવું? આ બહુ મોટી ગડમથલ હોય છે. જગતને સમજાવવા માટે જ્યારે અંદરનો અર્જુન મૂંઝાય છે, ત્યારે એને માર્ગ બતાવવા માટે પોતાના કૃષ્ણની જરૂર પડે છે. પણ દુઃખની વાત એ છે કે જીવનની લડાઈ વખતે આપણે કૃષ્ણને નહીં, પણ એની કૃપાને માગીએ છીએ. મહાભારતના યુધ્ધ પહેલા અર્જુન અને દુર્યોધન બન્ને કૃષ્ણ પાસે એક સાથે પહોંચે છે. સંબંધોની રૂએ કૃષ્ણ બન્ને માટે સરખા હતા. અર્જુન કૃષ્ણના પગ પાસે બેસે છે અને એ પહેલા દુર્યોધન આવીને કૃષ્ણના મસ્તક પાસે બેસી ગયા હતા. ત્યારે કૃષ્ણ એવો ન્યાય તોળે છે કે તેમણે પહેલા અર્જુનને જોયો એટલે વચન માગવાનો પહેલો હક અર્જુનને મળે ત્યારે અર્જુન પાસે બેય ઓપ્શન હતા. કાં તો કૃષ્ણની કૃપા એટલે આખી સેના અને કાં તો ખુદ કૃષ્ણને માગી શકે. દુર્યોધન થોડીવાર સમસમી જાય છે પણ જ્યારે અર્જુને યાદવોની આખી સેનાને બદલે માત્ર એકલા શ્રીકૃષ્ણને પસંદ કર્યા. દુર્યોધન મનમાં મલકાય છે કારણ કે પોતાને જે જોઈતું હતું તે મળી ગયું હતું. અહી અર્જુનનો નિર્ણય પાંડવોની જીતનો પાયો હતો.

આવું જ આપણા જીવનમાં આવતા સંકટ સમયે મનમાં મનમાં મંડાતા મહાભારતના સંગ્રામ વખતે થાય છે. આવા સમયે ઈશ્વરના શરણે તો સૌ જાય છે પણ મન અને હૃદયની સ્થિતિ દુર્યોધન અને અર્જુન જેવી હોય છે. કોઈ ધન માગે છે, કોઈ પ્રતિષ્ઠા, કોઈ માન-સન્માન, કોઈ સંબંધ — પણ બહુ ઓછા લોકો એવા હોય છે જે કહે, "હે કૃષ્ણ, મારે કશું નથી જોઈતું બસ તમે મારી સાથે રહેજો. મારા જીવનરૂપી રથના સારથી બનજો." એટલે કે નિષ્કામ ભાવે માત્ર કર્મ કરવાના અને ફળની પ્રાપ્તિ કૃષ્ણાય અર્પણ. જેમ અર્જુન પાસે શક્તિ, શસ્ત્ર, જ્ઞાન, મિત્રતા અને સેના આ બધું હોવા છતાં એ અશાંત હતો. પણ જ્યારે એણે પોતાના રથના સારથી તરીકે કૃષ્ણને સ્વીકાર્યા, ત્યારે એણે માત્ર યુદ્ધ જ નહીં, પોતાનું જીવન પણ જીત્યું. કૃષ્ણે એને એક જ વાક્યમાં જીવનનો સાર આપ્યો "કર્મ કર, ફળની ચિંતા ન કર." એ વાક્ય ફક્ત યુદ્ધ માટે નહોતું, એ તો આદિ અનાદી કાળ સુધી આ જગતના દરેક માનવીના મન માટે હતું. કારણ કે જયારે મનમાં મહાભારત ચાલે છે ત્યારે બહારના કોઈ પણ ઉપાય કામના રહેતા નથી. ત્યારે માત્ર એક જ શક્તિ મદદરૂપ થાય છે અને એ છે કૃષ્ણનો સાથ અને કૃષ્ણનું સ્મરણ. પછી જે કંઈ બને છે તેમાં આ અગમ અગોચર, અલબેલા અલખધણીની અલૌકિક શક્તિનો સાથ કામ કરે છે. જીવનના દરેક સંકટની વચ્ચે જયારે તમે તૂટી જાવ, જયારે મન હારી જવાની વાત કરે, જયારે કોઈ નિર્ણય સમજાતો ન હોય ત્યારે જગતની ચિંતા, આધી- વ્યાધિ અને ઉપાધિ છોડીને એમના શરણે શીશ ઝુકાવીને અહમ ઓગાળીને નિર્ગુણ, નિરાકારમાં એકરૂપ ઓતપ્રોત થઈને કશું માગ્યા વગર સ્મરણમાં એનો સાથ માગવો. જીત, સુખ, સંપત્તિ, સત્તા કે સન્માન નહિ ફક્ત એટલું જ કહેજો "હે કૃષ્ણ, તમે મારી સાથે રહેજો."કારણ કે જયારે કૃષ્ણ સાથે હોય, ત્યારે રણમેદાન પણ તીર્થ બની જાય છે, અને હાર પણ એક નવી જીતની શરૂઆત બની જાય છે. "જીવનની દરેક લડાઈમાં જીતવું એ જરૂરી નથી,પણ કૃષ્ણનો સાથ રાખવો એ અનિવાર્ય છે. કારણ કે જ્યાં કૃષ્ણ હોય, ત્યાં માર્ગ પોતે બની જાય." અર્જુન, દ્રૌપદી, મીરાબાઈ, નરસિંહ મહેતા, વિદુરજી, સુરદાસજી, રાજા અજમલ જેવા અનેક ભક્તોના જીવનમાં આપણને આ વાતનું પ્રમાણ જોવા મળે છે. જગતની ગમે તેવડી તાકાત સામે ઝઝુમવા, ટક્કર લેવા, લડવા કે ટકી રહેવા માટે અથાગ પરિશ્રમ સાથે ઈશનો સાથ જ અત્યંત અસરકારક ફળ આપનાર સાબિત થાય છે. સંઘર્ષમાં ચિંતાને બદલે ઈશ્વરનું ચિંતન કરીએ. પ્રાર્થના પંક્તિ : "હે પરમકૃષ્ણ! જયારે મનમાં મહાભારત ચાલે, ત્યારે મને બુદ્ધિ આપજો — યોગ્ય પક્ષ પસંદ કરવાની, અને શક્તિ આપજો — સત્યના માર્ગે અડગ રહેવાની."




# 4- M અને 4- P વચ્ચે અટવાય ખેતી અને ખેડૂતો આત્મનિર્ભર બનવા પોતાએ જાગવું પડશે

## ઝાકળનું એક બિંદુ
### હિરેન હિરપરા



વિક્રમ સંવત ૨૦૮૨ ના પ્રારંભે આજે લાભ પાંચમ પછીના દિવસે મળી રહ્યા છીએ ત્યારે નૂતન વર્ષ આપ સહુ ખેડૂત મિત્રો અને વાંચક વર્ગને ફળદાયી, યશસ્વી અને આરોગ્યમય નિવડે તેવી શુભેચ્છાઓ.

આજે સૌરાષ્ટ્ર અને રાજયના મોટાભાગના વિસ્તારોમાં વાતવરણમાં ફેરાફારો જોવા મળી રહ્યા છે. અને વરસાદ ચાલુ છે. જગતનો તાત ખેડૂત ચિંતામાં છે. કપાસની વિણી બગડી જવા પામી છે. તો મગફળીના પાથરા પલળી ગયા છે. ખેતરમાં મગફળી ઉભી છે. તો ઉગવા માડી છે. જયારે પશુઓ માટે મગફળીનો ચારો પણ વરસાદથી બગડી જવા પામ્યો છે. આ બધુ સહન કરી શકે માત્ર ખેડૂત...ખેડૂત અને ભાગીયુ રાખતા ખેતમજૂરો બાકી આવી સહન કરવાની તાકાત કોઈનામાં નથી. એટલે તો જગતના તાતના પછેડીના બે છેડા ભેગા થતા નથી.



અત્યારે ઘડી બે ઘડી વિચારો કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મિનિમમ સર્પોટ પ્રાઈઝ એટલે કે ટેકાના ભાવે મગફળીની અને કપાસની ખરીદી કરવામાં ન આવતી હોત તો શું પરિસ્થિતિ થાય. કેન્દ્ર સરકાર વધુ ઉત્પાદન આપતા સુધારેલા બિયારણો આપી રહી છે. જેના પરિણામે મહેનતકશ ખેડૂતો સારૂ ઉત્પાદન મેળવી રહ્યા છે.

આજે ખેતી સામે પડકારોની વાત કરવામાં આવે તો ૪-એમ છે. જેમાં પ્રથમ એમ એટલે મોન્સુન - ગ્લોબલ વોર્મિંગના કારણે આજે શિયાળા અને ઉનાળામાં કમોસમી વરસાદ પડે છે. જેના હિસાબે ખેતી પાકોને વ્યાપક નુકસાન થાય છે. આથી ઋતુચક્રમાં આવેલા પરિવર્તનને સમજીને વાવેતર પધ્ધતિ અને લણણીની પ્રક્રિયામાં ફેરફાર કરવા પડશે. બીજો એમ એટલે મેનપાવર - આજે ખેડૂતોને જાતે ખેતી કરવી નથી ખેતી ખેતમજૂરોને આધીન બની ગઈ છે. આજે ૩૦૦ રૂપિયામાં મજૂર આવે તો તેનું ગુજરાન ચાલતું નથી. આથી ખેતમજૂરો ખેતીમાં મજૂરી છોડીને શહેરોના કારખાનામાં રોજીરોટી માટે સ્થળાંતર કરી રહ્યા છે. એટલે ખેતીમાં મજૂરોની અછત સતત વધી રહી છે. જે સમસ્યા છે. ત્રીજો એમ એટલે માર્કેટ - ખેત ઉત્પાદનના ભાવ કયારેય ખેડૂતો નક્કી કરી શકતા નથી. ખેડૂત એક માત્ર એવો ઉત્પાદક છે જેના ઉત્પાદનના ભાવ ખરીદનાર નક્કી કરે છે. માર્કેટીંગયાર્ડમાં ખેત જણસની હરાજી ૧-૨-૩ કરીને વેપારી ચાલતી પકડે, ખેત ઉત્પાદનના પડતર ભાવ કયારેય મળતા નથી. આ સૌથી મોટી સમસ્યા છે. ચોથો એમ મની - ખેડૂતો કયારેય પૈસાદાર કે અમીર બન્યા નથી. બે વર્ષ સારા હોય તો બાકી દુકાળ હોય સારા નફાથી તેના ખેત ઉત્પાદનનું વેચાણ થાય અને તેના પરિવારના સ્વપ્નો સાકાર થાય એવું ઓછુ બને છે.

આ સમસ્યાના સમાધાન રૂપ સૌની યોજનાના પાણી હવે ડેમો, ચેકડેમો, તળાવો સુધી પહોંચતા થયા છે. તેનો કરકસર સાથે વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ થાય તો સારા પરિણામો મળી શકે તેમ છે.

દેશના સાંસ્કૃતિક વારસા અને વોકલ ફોર લોકલને મહત્વ આપીને દેશને આત્મનિર્ભર બનાવવા માટે સરકાર પ્રયત્નશીલ બની છે. ત્યારે વિવિધ સરકારી યોજનાઓનો લાભ લઈને ખેડૂતોએ ૪- પી ને મહત્વ આપવું પડશે.

પ્રથમ પી પ્રોડકશન - ઓછા ખર્ચે વધુ અને સારૂ ઉત્પાદન મેળવવા પ્રાકૃતિક ખેતી અપનાવી વૈજ્ઞાનિક સમજ સાથે ખેતી કરવી પડશે. બીજો પી એટલે પ્રોસેસીંગ - ખેડૂતોએ પોતાની વેલ્યુ વધારવા માટે પોતાના ખેત ઉત્પાદનનું જાતે અથવા સહકારી માળખા મારફતે પ્રોસેસીંગ યુનિટ કરવા પડશે. ત્રીજો પી એટલે પેકિંગ - ખેડૂતોએ પોતાના ખેત ઉત્પાદનનું પ્રોસેસીંગ કરી સ્ટાન્ડર્ડ કંપનીઓના પેકિંગ જેવા જ પેકિંગ કરવા પડશે. ચોથો પી એટલે પ્રાઈઝ - એટલે કે વાવેતર, પ્રોસેસીંગ, પેકિંગ અને વેચાણ પોતાના ભાવે એટલે પ્રાઈઝ ખેડૂત નક્કી કરતો થાય એ જરૂરી છે. આ દિશામાં આજે અનેક ખેડૂતો આગળ વધી રહ્યા છે. હાર માન્યા વિના સમજણ, સમજદારી અને મહેનતથી સારૂ કમાવાનો સમય એટલે ખેતી.

## :: તિખારો ::

**લાગણીઓને સમજવા માટે હૃદય જોઈએ, નિભાવવા માટે વફાદારી અને ધૈર્ય, પામવા માટે પવિત્રતા અને સૌભાગ્ય જોઈએ. એ આજના યુગમાં શક્ય નથી અને જયા શક્ય છે ત્યા સ્વર્ગ છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક કાર્યો

વાવેતર કરતા પહેલા જે પાકમાં રાસાયણિક ભલામાણ હોય તે મુજબ ગણતરી કરીને જ ખાતર ખરીદવું અને હવે જમીનોમાં પોટાશ તત્વની ઉણપ વર્તાય છે તો પાયામાં પોટાશ ખાતર આપવું જરૂરી છે. વર્ષમાં એક વખત જમીનનું વિશ્વાસપાત્ર સંસ્થા પાસે પૃથ્થકરણ કરાવી લેવું જોઈએ.

જમીનમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ વધવાના કારણે અને રાસાયણિક દવાઓ તેમજ નિંદામણનાશકનો વધુ પડતો ઉપયોગ થવાથી જમીનની ફળદ્રુપતા ઘટતી જાય છે. હવે જમીનમાં રાસાયણિક ખાતરોના ઉપયોગ વગર ઉત્પાદન આવતું નથી. ધીમે ધીમે જમીન બંજર બનતી જાય છે. ત્યારે રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઓછો કરવો જરૂરી છે. તે માટે બજારમાં મળતા જમીનનો કાર્બન અને તંદુરસ્તી વધારતા બેક્ટેરીયલ ખાતરોનો ઉપયોગ કરવો જોઈએ.

### ઘઉં :

- ઘઉંનું વધુ ઉત્પાદન મેળવવા માટે ઘઉંની વાવણી નવેમ્બરમાં કરવી.
- કોઈપણ પાકનું વાવેતર કરવું હોય તો તેની વાવવાની તારીખ જાણીને જ વાવેતર કરવું.
- ૧૦૦ કિ.ગ્રા. બિયારણ દીઠ બાયફેન્થ્રીન ૧૦% ઈસી.૨૦૦ મિ.લિ. દવાને પાંચ લિટર પાણીમાં ઓગાળી આગળની રાત્રે સારી રીતે પટ આપી ખુલ્લામાં સૂકવીને બીજા દિવસે વાવેતર કરવું.
- પિયત ઘઉંમાં નિંદામણના રાસાયણિક નિયંત્રણ માટે પેન્ડીમિથેલીન (સ્ટોમ્પ) દવાને પ્રતિ હેક્ટરે ૧ કિલો સક્રિય તત્વ ૬૦૦ લિટર પાણીમાં ઓગાળી વાવણી બાદ તુરંત જ (ઘઉં ઉગ્યા પહેલા) છંટકાવ કરવો.
- વહેલું કે મોડું વાવેતર કરવાથી ઉત્પાદન અને ગુણવત્તા પર માઠી અસર થાય છે.
- શિયાળુ પાકોનું ઠંડીની શરૂઆત પહેલાં વાવેતર કરવાથી ઉગાવો, વૃધ્ધિ અને વિકાસ પર વિપરીત અસર થાય છે. પરિણામે પુરી મહેનત અને ખર્ચ કરવા છતાંય ધાર્યું ઉત્પાદન મળે નહીં.

### દિવેલા:

- દિવેલાના પાકમાં માળમાં ડોડવાના પાકતી વખતે કાચા ન ઉતારે તે ખાસ ધ્યાન રાખવું.
- માળના વિકાસની અવસ્થાએ ભેજની ખેંચ ન રહે તે માટે જમીનની પ્રત પ્રમાણે ૧૫ થી ૨૦ દિવસના ગાળે પિયત આપવા.

### મકાઈ:

- મકાઈ સ્વીટકોર્ન હાઈબ્રીડ જીએએસસીએચ - ૧૧ (મધુરમ) રવિ ઋતુમાં વાવેતર માટે ભલામણ છે. આ ગાભમારાની ઈયળ સામે પ્રતિકારકશક્તિ ધરાવે છે.

### થ્રીપ્સ: ઓળખ :

આ જીવાતનાં બચ્ચાં અને પુખ્ત બારીક, લાંબા, કાળા રંગના અને આશરે ૧ મી.મી. લંબાઈના હોય છે.

નુકસાન : આ જીવાતનાં બચ્ચાં અને પુખ્ત પાન અને ફૂલો ઉપર ખાસ પ્રકારની મુખાંગો વડે બારીક ઘસરકા પાડીને કુમળા પાન તેમજ ફૂલોમાંથી નીકળતો રસ ચૂસે છે. નુકસાન થયેલ પાનની સપાટી સૂકાઈ જવાથી ઝાંખી સફેદ દેખાય છે. પાન કોકડાઈ જાય છે, ફૂલ ખરી પડે છે અને છોડનો વિકાસ રૂંધાય છે.

નિયંત્રણ: શોષક પ્રકારની દવા, જેવી કે ડાયમીથોએટ ૧૦ મિ.લિ. અથવા ફ્લોનીકામાઈડ ૩ ગ્રામ અથવા થાયામીથોક્ઝામ ૪ ગ્રામ અથવા ઈમિડાક્લોપ્રીડ ૪ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં મેળવીને જરૂરત મુજબ છંટકાવ કરવો.

### તુવેર : વંધ્યત્વનો રોગ

- આગળના વર્ષના છોડ જો શેઢાપાળા પર કે ખેતરમાં રહી ગયેલ હોય તો તેને દુર કરવા. શરૂઆતમાં રોગીષ્ઠ છોડ દેખાય તો ઉપાડી નાશ કરવો.
- પાન કથીરીથી રોગ ફેલાતો હોવાથી તેના નિયંત્રણ માટે ફેનાઝાક્વિન ૧૦ મિ.લિ. અથવા પ્રોપરગાઈડ ૧૦ મિ.લિ. અથવા ફેનપાયરોક્ષીમેટ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મેળવીને છંટકાવ કરવો.






ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

### જૈવિક નિયંત્રણ:

લીલી ઇયળનાં નિયંત્રણ માટે નર ફૂંદાને આકર્ષતા ફેરોમોન ટ્રેપ ગોઠવવા. આ જીવાતનું એનપીવી ૪૫૦ એલઇ/હે છાંટવું. લીમડાની લીંબોળીનો અર્કનો ઉપયોગ કરવો. અથવા ડાયક્લોરવોશ અથવા ક્વિનાલફોસ પૈકી કોઇપણ એક દવાનો છંટકાવ કરવો.

### પરજીવી :

લીલી ઈયળનાં નિયંત્રણ માટે કેમ્પોલેટીસ કલોરીડી અને યુકારસેલીયા ઈલોટાનામની બે પરજીવી ભમરીઓ અસરકારક છે. આથી આ પરજીવીઓને ઓછું નુકસાન થાય, તેવી સલામત દવાઓનો છંટકાવ કરવો.

- પરભક્ષી કીટક : પરભક્ષી કીટક જેવાં કે ક્રાયસોપા લીલી ઈયળનાં ઈંડા તેમજ નાની ઈયળનું ભક્ષણ કરે છે.
- જીવાણું (બેકટેરિયા) : લીલી ઈયળનાં નિયંત્રણ માટે બેસીલસ થુરીન્જીએન્સીસ (બીટી) નામનાં જીવાણુંયુક્ત પાઉડર બજારમાં મળે છે. હેક્ટરે ૧ કિ.ગ્રા. બીટી (૫૦૦ લિટર પાણીમાં) પાઉડરનો છંટકાવ કરવાથી સારૂં પરિણામ મળે છે.
- વિષાણું : ઉભા પાકમાં હેક્ટરે વિષાણુંયુક્ત (એન.પી.વી.) ૨૫૦ રોગિસ્ટ ઈયળનું દ્રાવણ છાંટવાથી લીલી ઈયળનું અસરકારક નિયંત્રણ મળે છે. એન.પી.વી. પર સીધા સૂર્યપ્રકાશની માઠી અસર થતી હોઈ તેનો છંટકાવ દિવસનાં ઢળતા પહોરે કરવો.

૫. વનસ્પતિજન્ય પેદાશો:

લીંબોળીનાં મીંજનું ૫ ટકા દ્રાવણ (૫૦૦ ગ્રામ મીંજનો પાવડર ૧૦ લિટર પાણીમાં) નાં ૨ થી ૩ છંટકાવ કરવાથી લીલી ઈયળનું અસરકારક નિયંત્રણ મળે છે.

૬. હાથથી વીણીને: તુવેર પાક પર લીલી ઈયળનો વધુ ઉપદ્રવ હોય તો, મોટી ઈયળને હાથથી વીણી લેવી અથવા છોડને હલાવતા તે નીચે પડશે, જેને વીણીને નાશ કરવો.

### શેરડી:

- શેરડીમાં આંતરપાક તરીકે ચણા, લસણ અથવા ડુંગળીનું વાવેતર કરવું.
- શેરડીમાં સંકલિત ખાતર વ્યવસ્થા માટે શેરડીનું વધુ ઉત્પાદન અને ખાંડનો સારો ઉતારો મેળવવા માટે ભલામણ કરેલ રસાયણિક ખાતર સાથે હેક્ટર દીઠ ૨૫ ટન કોહવાયેલું છાણીયું ખાતર આપવું જોઈએ. છાણીયા ખાતરની અવેજીમાં હેક્ટરે ૬૨૫ કિલો દીવેલીનો ખોળ અથવા ૧૨ ટન જુનો પ્રેસમડ આપવાની ભલામણ છે. જે ખેડૂત એક વર્ષ જુનો પ્રેસમડ ૧૨ ટન /હેક્ટરે આપે, તેમણે ભલામણ કરેલ ફોસ્ફરસના જથ્થાનો અડધો જ જથ્થો આપવો.



### રાસાયણિક નિયંત્રણ:

તુવેર અને અન્ય કઠોળ પાકોમાં ૫૦ ટકા ફૂલ બેસવાની અવસ્થાએ અને ત્યારબાદ ૧૫ દિવસે નીચે પૈકીની કોઈપણ એક દવાનો ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

કવીનાલફોસ ૨૦ મિ.લિ. અથવા સ્પીનોસાડ ૨ મિ.લિ. અથવા થાયોડીકાર્બ ૧૦ ગ્રામ અથવા ફ્લુબેન્ડીયામાઈડ ૨ મિ.લિ. અથવા ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૧.૫ મિ.લિ. અથવા એમામેકટીન બેન્ઝોએટ ૨ ગ્રામ. બિનપિયત પાકમાં કવીનાલફોસ ૧.૫ ટકા ભૂકીરૂપ દવા હેક્ટરે ૨૫ કિ.ગ્રા. પ્રમાણે છંટકાવ કરવો. ઉપરોક્ત બધી જ પધ્ધતિઓનો જયાં અને જયારે ઉપયોગ થઈ શકે, તે મુજબ તેને અપનાવવાથી કઠોળ પાકમાં ફૂલ અને શીંગોને નુકસાન કરતી જીવાતનું અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ થઈ શકે છે.

### ચણા:

- ગુજરાત ચણા-૧, ૨, ૩, ૫, ૬, ૭, દાહોદ પીળા, ચાફામાંથી કોઈપણ એક જાતનું વાવેતર કરો.
- વાવેતર વખતે હેક્ટર દીઠ ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન અને ૫૦ કિલોગ્રામ ફોસ્ફરસ તત્વ એટલે કે ૧૦૯ કિલોગ્રામ ડી.એ.પી. અને ૧૨ કિલોગ્રામ યુરિયા અથવા ૨૭ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર આપવું અને ૮૦ કિલોગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ આપવું.

### રાઈ:

- હેક્ટર દીઠ ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન અને ૨૫ કિલોગ્રામ ફોસ્ફરસ તત્વ એટલે કે ૫૪ કિલોગ્રામ ડી.એ.પી. અને ૩૩ કિલોગ્રામ યુરિયા અથવા ૭૬ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર જમીનમાં ઓરીને આપવું. ● બિયારણનો દર ૩.૫ કિલોગ્રામ પ્રતિ હેક્ટર રાખવો.

### વિવિધ મસાલા પાકો માટે વાવણીનો યોગ્ય સમય

- જીરૂનું વાવેતર નવેમ્બરના પ્રથમ અઠવાડિયામાં જયારે ઠંડીની શરૂઆત થાય અને દિવસનું ઉષ્ણતામાન ૩૦ અંશ થી ૩૨ અંશ સેન્ટીગ્રેડની આસપાસ થાય ત્યારે કરવું જોઈએ.
- ચોમાસું વરીયાળીના પાક માટે ધરૂની ફેરરોપણી ઓગસ્ટ માસના બીજા પડખવાડિયામાં વરસાદી વાતાવરણમાં કરવી હિતાવહ છે.
- રવિ ઋતુમાં વરીયાળીનું વાવેતર ૧૫ ઓક્ટોબર બાદ જ્યારે તાપમાનમાં ઘટાડો થાય અને રાત્રીના પાછલા પહોરમાં ઠંડીની શરૂઆત થાય ત્યારે કરવું જોઈએ.
- મેથી અને ધાણાની વાવણીનો યોગ્ય સમય નવેમ્બરના પ્રથમ અઠવાડિયાનો છે. જયારે સુવા અને અજમાની વાવણી ઓક્ટોબર માસ દરમ્યાન કરવી.

### દાડમ:

- દાડમમાં હસ્તબહાર લેવી. પિયત ચોમાસું પૂરું થાય પછી બંધ કરવું.
- નિયમિત પિયત આપવાથી ફળ ફાટતા નથી.

નાળીયેરી:

- નાળીયેરીના ફળ કાળા પડી અને ખરી જાય છે તે માટે આ પાનકથીરી નામની જીવાતની અસરને લીધે થાય છે. લીમડા આધારીત દવાનું મૂળ શોષણ પધ્ધતિ દ્વારા ૨ માસ અંતરે ૨ કે ૩ વાર આપવાથી થઈ શકે છે.
- નાના ફળ ખરી પડવાના કારણોમાં ઝાડને સારૂ પોષણ મહત્વની બાબત હોવાથી ભલામણ પ્રમાણે ઝાડ દીઠ ૧ કિલો એમોનિયમ સલ્ફેટ ૧ કિલો સુપર ફોસ્ફેટ તથા ૧.૨૫૦ કિલો મ્યુરેટ ઓફ પોટાશ જૂન-જુલાઈમાં અને તેટલો જ બીજો હપ્તો સપ્ટેમ્બર-આકટોબરમાં આપવો.

આંબો : આંબોને ઓક્ટોબર કે નવેમ્બર માસમાં પોટેશિયમ નાઈટ્રેટ ૨ ટકાના દ્રાવણના બે છંટકાવ કરવા.

પપૈયા: તાઈવાન હાઈબ્રીડ જાતમાં નર અને માદા એક જ ફુલમાં હોવાથી એક ખાડામાં એક છોડનું વાવેતર કરવું.

ચીકુ:

- ચોમાસા પછી ચીકુમાં સુકારો રોગ આવે છે. તેના નિયંત્રણ માટે પ્રથમ તો ચીકુવાડીયામાં ડાંગર જેવા પાક લેવો જોઈએ નહી.
- બોર : ચોમાસું પૂરુ થયા પછી બોરના ઝાડ ફરતે કાળા પ્લાસ્ટિકનું મલ્ચ (૨૫ માઈક્રોન) પાથરવાથી વધુ ઉત્પાદન મળે છે.

લીંબુ : લીંબુના પાકમાં પાન કોરીયા અને કાળી માખીના નિયંત્રણ માટે ઇમિડાક્લોપ્રીડ (૪ મિ.લિ./૧૦ લિટર) નો છંટકાવ કરવો.

કેળ : સીગાટોકા પાનના ત્રાક્યિા ટપકા

- રોગ દેખાય ત્યારે કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૧૦ ગ્રામ અથવા મેન્કોઝેબ ૭૫ વેપા ૨૭ ગ્રામ અથવા પ્રોપીનેબ ૭૦ વેપા ૨૦ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઈસી ૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી રોગની તીવ્રતા પ્રમાણે ૧૫ દિવસના અંતરે બે થી ત્રણ છંટકાવ કરવા. દવાના પ્રવાહી મિશ્રણ સાથે એક ચમચી સ્ટીકર ઉમેરવું હિતાવહ છે.
- રોગીષ્ઠ ડાળીઓ કાપી લીધા બાદ કોપર ઓકિસકલોરાઈડ ૫૦ વેપા ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળી અથવા ૧ % ના બોર્ડો મિશ્રણ અથવા સ્ટ્રેપ્ટ્રોમાયસીન સલ્ફેટ (સ્ટ્રેપ્ટોસાયક્લીન) ૧ ગ્રામ + કોપર ઓકિસકલોરાઈડ ૫૦ વેપા ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

## ખેતીમાં આત્મનિર્ભર બનવા તરફના પગલા રૂપે પ્રાકૃતિક ખેતીમાં ઉપયોગી ઘટકો તૈયાર કરવાની રીત

ડોડીયા પ્રિયાંશી, દુલેરાપૂજા, જોષી શ્રીયા
બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

પ્રાકૃતિક ખેતી એ આત્મનિર્ભર ભારત બનાવવાનું પ્રથમ પગલું છે. કારણ કે તે દેશી ગાયના છાણ અને ગૌમૂત્રથી કરવામાં આવે છે. દેશી ગાય આધારિત ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ બિલકુલ થતો નથી, તેથી તે ખૂબ જ ઓછા ખર્ચે થતી ખેતી છે. પ્રાકૃતિક ખેતીમાં વપરાતા ખાતરો અને જંતુનાશકો બહારથી ખરીદ કર્યા વગર ખેડૂતો જાતે બનાવી શકે છે. પર્યાવરણ અને માનવસ્વાસ્થ્યનું રક્ષણ, સંવર્ધન અને જાળવણી એ કુદરતી ખેતીનો પ્રાથમિક ઉદેશ્ય છે. કુદરતી ખેતીનો સાચો અર્થ પાણીની બચતની ભાવના છે, દેશી ગાય આધારિત ખેતી અપનાવવાનો અર્થ છે. પ્રાકૃતિક ખેતીથી જમીનની ભેજ સંગ્રહક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદકતામાં વધારો થતો જોવા મળે છે.

ઋષિકૃષિ એટલે કે ગાય આધારિત ખેતી એ ભારતની સૌથી જૂની કૃષિ પ્રણાલી છે. એક ગ્રામ દેશી ગાયના છાણમાં અંદાજીત ૩૦૦ થી ૫૦૦ કરોડ સૂક્ષ્મ જીવો હોય છે. દેશી ગાયના છાણમાં ૧૬ મુખ્ય પોષકતત્વો હોય છે. જે છોડને તમામ પ્રકારનું પોષણ પૂરું પાડે છે. જ્યારે જમીન ઝેરમુક્ત બનશે ત્યારે દેશી અળસીયા સક્રિય થશે અને છોડ જમીનની અંદરથી જરૂરી પોષકતત્વોની ઉણપને પૂરી કરશે. જેમ જેમ જમીન પોચી થાય છે તેમ તેમ વધારાનું પાણી જમીનમાં ઉતરશે અને જમીનનું જળસ્તર ઊંચું આવશે. વિવિધ પોષણ માટે જીવામૃત, બીજામૃત અને ઘનજીવામૃત છોડને તમામ પ્રકારના જરૂરી પોષકતત્વો પૂરા પાડશે. જયારે અલગ અલગ રોગ અને જીવાતના નિયંત્રણ માટે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અગ્નિઅસ્ત્રનો ઉપયોગ પાકમાં થતા તમામ પ્રકારના રોગોને નિયંત્રિત કરશે. ઉપરોક્ત ખેતી વપરાશની ચીજોને બનાવવા માટે અલગ અલગ પ્રકરની માહિતી ઉપલબ્ધ છે. આમ છતાં આ ચીજોને વૈજ્ઞાનિક રીતે કેવી રીતે બનાવવી અને તેનો સચોટ ઉપયોગ કેવી રીતે કરવો તેની ટૂંકમાં છણાવટ અહી કરવામાં આવી છે.

**૧.જીવામૃતઃ** તૈયાર કરવાની રીતઃ ૧૦ લિટર દેશી ગાયનું ગૌમૂત્ર +૧૦ કિ.ગ્રા. દેશી ગાયનું તાજુ છાણ + એક મોટા ઝાડ નીચેની/ શેઢા—પાળા/વાડની માટી + ૧ કિ.ગ્રા. દેશી ગોળ + ૧ કિ.ગ્રા. ચણા કે કોઈપણ દાળના લોટનું મિશ્રણ તૈયાર કરવું અને તેને ૨૦૦ લિટર પાણીમાં પ્લાસ્ટીકના પીપ/ડ્રમમાં નાખી મિશ્રણ કરો, ડ્રમને કંતાનની થેલીથી ઢાંકવું અને છાયડે રાખી મુકવું, લાકડીથી ઘડિયાળના કાંટાની દિશામાં સવાર સાંજ બે વખત ૫- ૫ મિનિટ માટે હલાવવું. ઉનાળામાં બે ત્રણ દિવસમાં અને શિયાળામાં એક અઠવાડિયામાં તૈયાર થઈ જશે. જીવામૃત તૈયાર થયા પછી ૧૫ દિવસ સુધી ઉપયોગ કરી શકાય.



વાપરવાની રીતઃ ૧ એકર માટે ૨૦૦ લિટર જીવામૃતને કાઢીને પિયતના પાણી સાથે અથવા ડ્રીપ સાથે મુખ્ય પાકની હારમાં આપવું અને ઉભા પાક પર છંટકાવ કરવો.

૨. ઘન જીવામૃતઃ બનાવવાની રીતઃ ૨૦૦ કિ.ગ્રા. સખત તાપમાનમાં સૂકવેલ ચારણીથી ચાળેલ દેશી ગાયના છાણને ૨૦ લિટર જીવામૃત સાથે ભેળવવું. ૪૮ કલાક માટે છાયો હોય ત્યાં ઢગલો કરી ત્યારબાદ પાતળું સ્તર કરી સૂકવવું. આ સ્તરને દિવસમાં બે ત્રણ વાર ઉપર નીચે કરવું. સુકાઈ જાય ત્યારે ગાંગડાનો ભૂકો કરી એક વર્ષ સુધી વાપરી શકાય છે.

**વાપરવાની રીતઃ** જમીનમાં અંતિમ ખેડાણ પહેલા પ્રતિ એકર ૨૦૦ કિ.ગ્રા. અને ફૂલ અવસ્થાએ પ્રતિ એકર ૧૦૦ કિ.ગ્રા. આપવું.

**ફાયદાઃ** જીવામૃત આપવાથી જીવાણુની સંખ્યા ઝડપથી વધતાં હ્યુમસનું નિર્માણ ઝડપી બને છે તેમજ અળસિયાને સક્રિય કરી અને અલભ્ય પોષ તત્વોને બનાવી છોડના મૂળને પ્રાપ્ત કરાવે છે. છોડની રોગપ્રતિકારક શક્તિ વધારે છે તેનાથી નાઈટ્રોજનની ઉપલબ્ધિ વધે છે.

**(ક્રમશઃ)**

### બિયારણ પસંદગી વખતે આટલું ધ્યાન રાખીશું.

- કૃષિ હવામાન વિસ્તાર પ્રમાણે જુદાં જુદા પાકોની જાતો બહાર પાડવામાં આવે છે, જે સ્થાનિક કે અગાઉની જાત કરતાં વધારે ઉત્પાદન, સારી ગુણવત્તા અને રોગ-જિવાત સામે પ્રતિકારક હોય છે.
- ઓછા પિયતની જરૂરિયાત અને વહેલી પાકતી જાતો પણ બહાર પડેલી છે.
- જમીન, હવામાન અને પિયતની સગવડતા પ્રમાણે જાતની પસંદગી કરવી જોઈએ.
- અનુકૂળ સારી જાતનું પ્રમાણિત બિયારણ સમયસર મેળવી લેવુ જોઈએ. ઘણી વખત વાવણીના આગલાં દિવસે જે મળે તે બિયારણ લાવી વાવવામાં આવે છે. જેથી પાક ઉત્પાદન ઓછું અને નબળી ગુણવત્તાનું મળે અને તેનો બજારભાવ પણ ઓછો મળે છે.
- નકલી કે ઉતરતી કક્ષાના બિયારણોમાં રોગ-જિવાત પ્રતિકારતા ન હોવાથી દવા પાછળ પણ ખર્ચ વધે છે. તેથી જો યોગ્ય બિયારણની પસંદગી કરવામાં આવે તો ઉત્પાદન ખર્ચ વધાર્યા સિવાય વધુ ઉત્પાદન મેળવી શકાય.

# વેરાવળ-સોમનાથમાં ધોધમાર વરસાદ : આજે યલો એલર્ટ જાહેર

કોડીનાર ,તા.૨૬

ગુજરાતમાં દિવાળી બાદ પણ વરસાદ જવાનું નામ ન લેતો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ શનિવારે રાજ્યના અનેક જિલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યા બાદ વરસાદ પડ્યો હતો. ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ-સોમનાથ સહિતના વિસ્તારોમાં શનિવારે બપોરના સમયે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. સવારથી અનુભવાતી ગરમી અને બફારા બાદ ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૭ ઓક્ટોબર સુધી રાજ્યમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જાહેર કરાયું છે. દક્ષિણ ગુજરાતમાં એલસીએસ-૩ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ૩ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.



પૂર્વ અને મધ્ય અરબ સાગરમાં ડિપ્રેશન સક્રિય થવાને કારણે સૌરાષ્ટ્રના દરિયામાં ભારે કરંટ સાથે ઊંચા મોજાં જોવા મળ્યા હતા. આગામી દિવસોમાં પણ રાજ્યમાં વરસાદની શક્યતા છે અને પવનની ગતિ વધુ રહેવાની હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા માટે સાવધાન કરવામાં આવ્યા છે. દીવ જિલ્લામાં ગત રાતથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે. આ સાથે જ દરિયામાં પણ ભારે કરંટ જોવા મળી રહ્યો છે. આ સ્થિતિમાં, દીવના નાગવા બીચ પર આવેલા પ્રવાસીઓ જોખમી રીતે દરિયામાં ડૂબકી લગાવી રહ્યા છે. સ્થાનિક પ્રશાસન દ્વારા બીચ પર પ્રવેશ અટકાવવા પોલીસને કાર્યવાહી સોંપવી જરૂરી બની છે.

### ઉનાના નવાબંદરનો દરિયો તોફાની બનતા 'સુરજ સલામતિ' બોટ ડૂબીઃ ૮ ખલાસીઓને બચાવી લેવાયા

ઉનાના નવાબંદર નજીક દરિયામાં એક ફિશિંગ બોટ ડૂબી ગઈ હતી. 'સુરજ સલામતિ' નામની આ બોટ નવાબંદરથી ૧૩ નોટિકલ માઈલ દૂર તોફાની દરિયામાં ગરકાવ થઈ હતી. સદનસીબે, બોટમાં સવાર આઠ ખલાસીઓને અન્ય બોટ દ્વારા સમયસર બચાવી લેવાતા મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટના ૨૫ ઓક્ટોબરના રોજ સાંજે ૫ વાગ્યાની આસપાસ બની હતી. સુરજ સલામતિ (નંબર GJ ૧૪ MM ૨૦૧૦) બોટ, જેના માલિક કાના સોલંકી છે, તે ૨૪ ઓક્ટોબરના રોજ સાંજે ૪ વાગ્યે નવાબંદર બંદરેથી આઠ ખલાસીઓ સાથે ફિશિંગ માટે નીકળી હતી. બોટ નવાબંદરની સામે ૧૩ નોટિકલ માઈલ દૂર ફિશિંગ કરી રહી હતી. ૨૫ ઓક્ટોબરની સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતા દરિયો ભારે તોફાની બન્યો હતો અને ઊંચા મોજા ઉછળવા લાગ્યા હતા. દરિયાના પ્રવાહને કારણે ફિશિંગ કરવું મુશ્કેલ બન્યું હતું. ખલાસીઓ બોટના દોરડા છોડી રહ્યા હતા તે દરમિયાન એક વિશાળ મોજાની થપાટથી બોટ પલટી ગઈ અને તેમાં પાણી ભરાઈ ગયું. બોટ ડૂબવા લાગતા ખલાસીઓ અરજણ બાંભણીયા, જેન્તી સોલંકી, બાબુ બાંભણીયા, લખમણ વાળા, ભનુ બાંભણીયા, ધર્મ બાંભણીયા, માધુ ચૌહાણ અને અરવિંદ બારૈયા દરિયામાં કૂદી પડ્યા હતા. ખલાસીઓની બૂમો સાંભળીને નજીકમાં ફિશિંગ કરી રહેલ નવાબંદરના પુનાભાઈ ચીનાભાઈની 'સોનપરી' નામની બોટના ખલાસીઓ તાત્કાલિક મદદ માટે પહોંચ્યા હતા. તેમણે ડૂબતા આઠેય ખલાસીઓને પોતાની બોટમાં ખેંચી લીધા અને તેમને સુરક્ષિત રીતે કાંઠે પહોંચાડ્યા હતા.

## બિહાર ચૂંટણી પહેલા પૂર્વમંત્રી અને ૧૧ ધારાસભ્યો જદયુમાંથી સસ્પેન્ડ

(એચ.એસ.એલ),પટણા,તા.૨૬

નીતિશ કુમારે પક્ષ વિરુદ્ધ જઈને કામ કરનારા ૧૧ લોકોને પાર્ટીમાંથી નિલંબિત કર્યા છે. આ લોકોમાં બિહારના પૂર્વ મંત્રી ગ્રામીણ કાર્ય વિભાગ અને જમાલપુરના ધારાસભ્ય શૈલેષ કુમાર પણ સામેલ છે. બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ની સામાન્ય ચૂંટણીઓના સંદર્ભમાં, જનતા દળ (યુનાઈટેડ) એ પક્ષવિરોધી પ્રવૃત્તિઓ અને આચારસંહિતાના ઉલ્લંઘનને કારણે કેટલાક નેતાઓને પાર્ટીમાંથી હાંકી કાઢવાનો નિર્ણય લીધો છે. પાર્ટીએ આ માટે એક માહિતી પત્ર પણ જાહેર કર્યો છે. આ પત્ર પ્રદેશ મહાસચિવ અને મુખ્ય મથક પ્રભારી ચંદન કુમાર સિંહે બહાર પાડ્યો છે. પાર્ટી દ્વારા શેર કરવામાં આવેલા પત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે આ નેતાઓની વિચારધારા પક્ષથી વિપરીત કાર્યો કરવાની હતી. આ કારણોસર, તેમને તાત્કાલિક અસરથી પાર્ટીના પ્રાથમિક સભ્યપદમાંથી નિલંબિત કરવામાં આવ્યા છે.

## દિલ્હીના પ્રદૂષણમાં વધારો : કૃત્રિમ વરસાદ દ્વારા હવામાન સુધારવાના પ્રયાસો કરાશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં હવાની ગુણવત્તા સુધારવા માટે અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે, ત્યારે છઠ તહેવારની ભવ્ય તૈયારીઓ પણ ચાલી રહી છે. સીપીસીબી અનુસાર, ઈન્ડિયા ગેટ અને આસપાસના વિસ્તારોમાં હવા ગુણવત્તા સૂચકાંક (એકયુઆઈ) ૩૨૫ છે, જેનો અર્થ છે કે હવા 'ખૂબ



જ ખરાબ' શ્રેણીમાં છે. દિલ્હીમાં સૌથી ખરાબ એકયુઆઈ આનંદ વિહાર (૪૩૦) અને વઝીરપુર (૪૦૩) માં નોંધાયો હતો, જે 'ગંભીર' શ્રેણીમાં આવે છે. સમગ્ર શહેર માટે એકંદર એકયુઆઈ ૩૨૨ (ખૂબ જ ખરાબ) છે. એનસીઆરના અન્ય વિસ્તારોમાં પણ આવી જ પરિસ્થિતિ છે. નોઈડામાં એકયુઆઈ ૩૫૩ (ખૂબ જ ખરાબ), ગાઝિયાબાદમાં ૩૧૦ (ખૂબ જ ખરાબ), ગુરુગ્રામમાં ૨૪૭ (ખરાબ) અને ફરીદાબાદમાં ૧૯૮ (મધ્યમ) નોંધાયો હતો. જો દિલ્હીમાં હવામાન અનુકૂળ રહેશે, તો ૨૭ કે ૨૮ ઓક્ટોબરના રોજ કૃત્રિમ વરસાદ પડી શકે છે. જેથી હવામાનમાં સુધારો કરી શકાય.

## ઔરંગાબાદ રેલવે સ્ટેશનનું નામ બદલીને 'છત્રપતિ સંભાજીનગર' કરાયું

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૬

એક ઐતિહાસિક જાહેરાતમાં, દક્ષિણ મધ્ય રેલવેએ 'ઔરંગાબાદ રેલવે સ્ટેશન'નું નામ બદલીને 'છત્રપતિ સંભાજીનગર રેલવે સ્ટેશન' કર્યું છે. રેલવેએ જણાવ્યું હતું કે નામ બદલવાનો ઔપચારિક અમલ કરવામાં આવ્યો છે, અને નવું નામ બધા સ્ટેશન સાઈનબોર્ડ, ટિકિટ, જાહેરાત અને ડિજિટલ સિસ્ટમ પર અપડેટ કરવામાં આવી રહ્યું છે. સત્તાવાર સૂચનામાં જણાવાયું છે કે અધિકૃત અધિકારીએ ઔરંગાબાદ રેલવે સ્ટેશન, નાંદેડ ડિવિઝન, દક્ષિણ મધ્ય રેલવેનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર રેલવે સ્ટેશન કરવાની મંજૂરી આપી છે. આ સ્ટેશન માટે નવો સ્ટેશન કોડ સીપીએસએન હશે. રેલવે અનુસાર, મહારાષ્ટ્ર સરકારની ભલામણ અને ગૃહ મંત્રાલયની મંજૂરી બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. સ્ટેશનનું નવું નામ, છત્રપતિ સંભાજીનગર, મરાઠા યોદ્ધા છત્રપતિ સંભાજી મહારાજના બહાદુરી અને ઐતિહાસિક યોગદાનનું સન્માન કરે છે.

## કર્ણાટક સરકારના મંત્રીમંડળમાં નવેમ્બર પછી ફેરબદલ થશે: મુખ્યમંત્રી સિદ્ધારમૈયા

(એચ.એસ.એલ),બેંગ્લુરૂ,તા.૨૬



કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ સંકેત આપ્યો છે કે તેઓ નવેમ્બર પછી તેમની સરકારના મંત્રીમંડળમાં ફેરબદલ કરી શકે છે. આ ફેરબદલ સિદ્ધારમૈયા સરકારના અઢી વર્ષ પૂર્ણ થવાની સાથે જ થશે. શનિવારે મીડિયા સાથે વાત કરતા, સીએમ સિદ્ધારમૈયાએ કહ્યું, કોંગ્રેસ હાઈકમાન્ડે તેમને ચાર મહિના પહેલા તેમના મંત્રીમંડળનું વિસ્તરણ કરવા કહ્યું હતું, પરંતુ મેં તેમને કહ્યું હતું કે સરકારના અઢી વર્ષ પૂર્ણ થયા પછી જ કેબિનેટમાં ફેરબદલ થશે.

મુખ્યમંત્રીએ કહ્યું, એકવાર આ તબક્કો પાર થઈ જશે, હું પાર્ટી હાઈકમાન્ડ સાથે ચર્ચા કરીશ અને તેમના નિર્દેશો પર કામ કરીશ. સિદ્ધારમૈયા ૧૬ નવેમ્બરે દિલ્હીની મુલાકાત લેશે, જ્યાં તેઓ વરિષ્ઠ વકીલ અને ભૂતપૂર્વ કોંગ્રેસ નેતા કપિલ સિબ્બલના પુસ્તક વિમોચનમાં હાજરી આપશે. દિલ્હીની તેમની મુલાકાત દરમિયાન, સિદ્ધારમૈયા પાર્ટી હાઈકમાન્ડને પણ મળશે, જ્યાં તેઓ પાર્ટી નેતૃત્વને તેમની સરકાર દ્વારા કરવામાં આવી રહેલા વિકાસ કાર્યો વિશે માહિતી આપશે. મુખ્યમંત્રીએ એ પણ માહિતી આપી કે કર્ણાટક વિધાનસભાનું શિયાળુ સત્ર ડિસેમ્બરમાં યોજાશે.

## ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં પેસેન્જર વાહનોની નિકાસમાં ૧૮ ટકાનો વધારો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં (એપ્રિલ-સપ્ટેમ્બર) ભારતમાંથી પેસેન્જર વાહનોની નિકાસ વાર્ષિક ધોરણે ૧૮ ટકા વધી છે. મારુતિ સુઝુકી ઈન્ડિયા ૨૦૦,૦૦૦ થી વધુ વાહનોની નિકાસ કરીને મોખરે રહી છે. એસઆઈએએમએ અહેવાલ આપ્યો છે કે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં કુલ





પેસેન્જર વાહનોની નિકાસ વધીને ૪૪૫,૮૮૪ યુનિટ થઈ છે, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં ૩૭૬,૬૭૯ યુનિટ હતી, જે ૧૮.૪ ટકાનો વધારો દર્શાવે છે. સમીક્ષા હેઠળના સમયગાળામાં પેસેન્જર કારની નિકાસ વધીને ૨૨૯,૨૮૧ યુનિટ થઈ છે, જે ૨૦૨૪-૨૫ ના એપ્રિલ-સપ્ટેમ્બર સમયગાળામાં ૨૦૫,૦૯૧ યુનિટની તુલનામાં ૧૨ ટકાનો વધારો દર્શાવે છે.

તેવી જ રીતે, એપ્રિલ-સપ્ટેમ્બર સમયગાળામાં વિદેશી બજારોમાં યુટિલિટી વાહનની નિકાસ ૨૬ ટકા વધીને ૨૧૧,૩૭૩ યુનિટ થઈ છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં વેનની નિકાસ ૩૬.૫ ટકા વધીને ૫,૨૩૦ યુનિટ થઈ છે. સમીક્ષા હેઠળના સમયગાળામાં મારુતિ સુઝુકીની નિકાસ વધીને ૨૦૫,૭૬૩ યુનિટ થઈ છે, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં ૧૪૭,૦૬૩ યુનિટની તુલનામાં ૪૦ ટકાનો વધારો દર્શાવે છે.

## સાવરકુંડલાના બાઢડા-રામગઢ સ્ટેટ હાઈવે પર કાંકરી ઉખડી ગઈ, લોકોને અકસ્માતનો ભય

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામેથી રામગઢ સુધીના સ્ટેટ હાઈવેની કામગીરી ઘણા લાંબા સમયથી ચાલુ હતી અને તહેવારોના દિવસોમાં બંધ હતી. અત્યારે આ રસ્તા ઉપર કાંકરી જ જોવા મળે છે. આ પરિસ્થિતિમાં નાના-મોટા વાહનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. મોટી ઉંમરના લોકો આ રસ્તા ઉપર ટુ-વ્હીલ લઈને



નીકળે ત્યારે અવારનવાર સ્લીપ થતાં હોય છે. હાથ પગને નાના મોટી ઈજાઓ થતી હોય છે અને વાહનને પણ નુકસાની થાય છે. પ્રજાના આ પ્રશ્નનું નિરાકરણ લાવવા માંગ ઉઠી છે.

## લાઠીમાં બોલાચાલીના મનદુઃખમાં છરી મારી

લાઠી, તા.૨૬

લાઠીમાં બોલાચાલીના મનદુઃખમાં છરી મારવામાં આવી હતી. આ અંગે ઉમંગભાઈ પ્રતાપભાઈ સોલંકી (ઉ.વ.૨૫)એ નીલેષભાઈ રમેશભાઈ સાકરીયા, ભરતભાઈ મેર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના મોટાબાપુના દીકરા સાથે આરોપીને બોલાચાલી થઈ હતી. જેનું મનદુઃખ રાખી તેમને જેમફાવે તેમ ગાળો આપી છરીથી કપાળના ભાગે ચેકા માર્યા હતા. ઉપરાંત હાથમાં પહેરેલા કડા વડે ઈજા કરીને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## રાજુલામાં ઘરફોડ ચોરીના ગુનામાં બે મહિલા સહિત ચાર આરોપી પકડાયા

રાજુલા,તા.૨૬

રાજુલા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ઘરફોડ ચોરીના અનડીટેકટ ગુનાને ટીમ દ્વારા ટેકનિકલ તથા હ્યુમન સોર્સની મદદથી ઉકેલીને ચોરી થયેલ મુદ્દામાલ સાથે ચાર આરોપીઓને ગણતરીની કલાકોમાં પકડી પાડવામાં આવ્યા હતા. આરોપીઓ ચોરીના મુદ્દામાલ સાથે ગુનાને અંજામ આપી નાસી ગયેલ હતા. પોલીસ ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે રાજુલા ટાઉન વિસ્તારમાંથી ચોરી થયેલ કોપર વાયર તથા છકડો રીક્ષા સાથે બે પુરૂષ તથા બે મહિલાઓને ગણતરીના કલાકોમાં પકડી પાડી અનડીટેક્ટ ગુનો ડીટેક્ટ કરી કાર્યવાહી કરી છે. આરોપીઓમાં દિલીપભાઈ મોહનભાઈ ચુડાસમા ધંધો.મજૂરી, પ્રદિપભાઈ મોહનભાઈ ચુડાસમા ઉ.વ.૨૨ ધંધો.મજૂરી, મધુબેન વા/ઓ મોહનભાઈ નાનજીભાઈ ચુડાસમા અને મનીષાબેન વા/ઓ દિલીપભાઈ મોહનભાઈ ચુડાસમા (રહે.તમામ. રાજુલા, તત્ત્વજયોતી વિસ્તાર હાલ. છતડીયા)નો સમાવેશ થાય છે. તેમની પાસેથી પોલીકેબ કંપનીનો કેબલ વાયર ૫૦૦ મીટર અંદાજે કિં. રૂ.૩૫,૦૦૦ અને (૨) એક છકડો રીક્ષા નંબર-GJ-૧૪-U-૩૫૪૩, અંદાજે કિં. રૂ.૪૦,૦૦૦ કબ્જે કરેલ છે.

## કોડીનાર પંથકમાં કમોસમી વરસાદથી ખેતરોમાં તૈયાર પાક પલળી ગયો

કોડીનાર,તા.૨૬

ગીર સોમનાથ જિલ્લાના અનેક વિસ્તારોમાં કમોસમી ધોધમાર વરસાદે ખેડૂતોની આખા વર્ષની મહેનત પર પાણી ફેરવી દીધું છે. ખાસ કરીને કોડીનાર પંથકમાં થયેલી તબાહીના દ્રશ્યો હૃદયદ્રાવક છે, જ્યાં તૈયાર પાક સંપૂર્ણપણે પલળી જતાં ખેડૂતો નિરાશામાં ગરકાવ થયા છે. આ વર્ષે કમોસમી વરસાદે ખેડૂતોની આર્થિક કમર તોડી નાખી છે. જિલ્લાના મુખ્ય કૃષિ



તસવીર : કુલદીપ પાઠક

પંથકોમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની છે. સૂત્રાપાડામાં સૌથી વધુ ૪ ઈંચ, જ્યારે વેરાવળ, ઉના અને કોડીનારમાં ૨થી ૩ ઈંચ જેટલો ધોધમાર વરસાદ નોંધાયો છે.

આ વિસ્તારમાં સૌથી વધુ વાવેતર મગફળી અને સોયાબીનનું હોય છે. ખેડૂતોએ માંડ માંડ તૈયાર કરેલો મગફળીનો પાક કાઢીને ખેતરોમાં સૂકવવા માટે પાથરા સ્વરૂપે મૂક્યો હતો. અચાનક આવેલો આ વરસાદ આ પાથરાઓ પર આફત બનીને વરસ્યો. ખેતરોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં મગફળીનો તૈયાર પાક પાણીમાં ગરકાવ થઈ ગયો છે. પલળી ગયેલી મગફળી હવે સડી જવાની ભીતિ છે અને પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે. લણણી માટે તૈયાર સોયાબીનના ઊભા પાકને પણ ભારે નુકસાન પહોંચ્યું છે.

## કોડીનારમાં શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાને વજન જેટલા પુસ્તકોની ભેટ

કોડીનાર,તા.૨૬

કોડીનારમાં સ્થાનિક ધારાસભ્ય અને નવનિયુક્ત સામાજિક ન્યાય અને અધિકારીતા અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાનું લોકો દ્વારા 'બુકે નહીં, બુકથી અભિવાદન' કરવામાં આવ્યું હતું. કોડીનારમાં માર્કેટ યાર્ડ ખાતે મંત્રી ડૉ. વાજાના સન્માનમાં એક ભવ્ય અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લોકોએ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની 'ફૂલ નહીં, પુસ્તક' સન્માનની પ્રેરણાદાયક પહેલનું અનુસરણ કરતા મંત્રીનું અનોખું સન્માન કર્યું. કોડીનારની જનતાએ ઉત્સાહભેર મંત્રી ડૉ. વાજાને તેમના વજન



જેટલા પુસ્તકો, નોટબુક્સ અને સ્ટેશનરી સામગ્રી ભેટ આપીને અભિવાદન કર્યું. ડૉ. વાજાએ ભેટમાં મળેલા આ તમામ પુસ્તકો અને શૈક્ષણિક સામગ્રી પોતાના માટે રાખવાને બદલે તાત્કાલિક ધોરણે સરકારી શાળાના વિદ્યાર્થીઓને વિતરણ કરવાની જાહેરાત કરી હતી. આ તકે ડૉ. વાજાએ જણાવ્યું હતું કે, "પુસ્તકો એ અમૂલ્ય વારસો છે, તેની કોઈ તુલના થઈ શકે તેમ નથી. ફૂલ તો કાંઈ દિવસમાં સુકાઈ જાય છે, પરંતુ પુસ્તક જીવનભર પ્રેરણા આપે છે." તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, "શિક્ષણ જ એ દીવો છે જે રાષ્ટ્રના વિકાસનો માર્ગ પ્રકાશિત કરે છે."

## બે દિવસથી પડી રહેલા વરસાદના કારણે ખેતીના પાકોને વ્યાપક નુકસાન

# કમોસમી માવઠાએ અમરેલી જિલ્લાના ખેડૂતોની માઠી દશા બેસાડી

અમરેલી,તા. ૨૬

અમરેલી જિલ્લામાં ગઈકાલ બપોર બાદથી કમોસમી વરસાદ પડી રહ્યો છે. મોડી રાતથી સવાર સુધી વરસાદ ખાબક્યો હતો, જેમાં અમરેલી, ખાંભા, રાજુલા, ધારી, બગસરા, સાવરકુંડલા, જાફરાબાદ, ખાંભા સહિત ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. ખાંભાના નેસડી, રાયડી, પાટી, જીવાપર સહિત મોટાભાગના ગામડામાં વરસાદ પડ્યો હતો. તો ધારીના છતડીયા, કણેક, ગઢીયા, વીરપુર સહિત ગામડામાં વરસાદ પડ્યો. સાવરકુંડલા તાલુકામાં થોરડી, આંબરડી, જાબાળ, મીતીયાળા, દેતડ, આદસંગ સહિત ગામડામાં વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારમાં આવેલ ધાર્મિક કાર્યક્રમના મંડપ ઉડયા હતાં, જેમાં ખાંભાના ઉમરીયા ગામે તરસરીયા પરિવાર દ્વારા પિતૃના મોક્ષધામ માટે ભાગવત સપ્તાહ ચાલતી હતી જેમાં કમોસમી વરસાદના કારણે મંડપ ઉડી ગયા હતાં. રાજુલાના જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં અવિરત વરસાદ પડી રહ્યો છે. જેમાં વઢેરા, મીતીયાળા, નાગેશ્રી, ધારાબંદર, હેમાળ, રાજુલાના માંડરડી, આગરિયા, ધારેશ્વર સહિત ગામડામાં વરસાદ



જોવા મળ્યો હતો. સાવરકુંડલા શહેરમાં શનિવારે બપોર પછી વાતાવરણમાં વાદળો છવાયેલા જોવા મળ્યા હતા. પછી ઝરમરિયો કમોસમી વરસાદ વરસવાનો પ્રારંભ થયો હતો. બે દિવસથી પડી રહેલા કમોસમી વરસાદે સમગ્ર રાજ્યના ખેડૂતોની માઠી દશા બેસાડી છે. અમરેલી જિલ્લામાં પણ બે દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો છે જેના કારણે ખેડૂતોના મોંમાં આવેલો કોળિયો ઝુંટવાઈ ગયો છે, હાલમાં મગફળીની સિઝન શરૂ હોય મગફળીના પાથરા ખેડૂતોના ખેતરમાં પડ્યા છે જેના પર વરસાદ પડતા મગફળીને મોટું નુકસાન થયું છે જ્યારે કપાસના પાકમાં પણ વરસાદને કારણે ખેડૂતોએ નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં કમોસમી વરસાદના કારણે ખેતીના પાકોને નુકસાન થયું છે.

### રાજુલાના ધાતરવાડી ડેમ-રનો દરવાજો ખોલાયો

રાજુલા ધાતરવાડી ડેમ ૨નો એક દરવાજો ખોલવામાં આવ્યો છે. ૩૬૩ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. નદી કાંઠાના નીચાણવાળા ૧૦ ગામડાને એલર્ટ કરવામાં આવ્યા છે, જેમાં ખાખબાઈ, હિંડોરણા, છતડીયા, ભચાદર, ધારાનાનેશ, રામપરા, ઉંચેયા, કોવાયા, વડ સહિત નદીકાંઠાના ગ્રામ્ય વિસ્તારના લોકોને નદી નજીક અવરજવર નહી કરવા સૂચના આપવામાં આવી છે.

## ૪૦ કલાકની શોધખોળ બાદ મોરબી મચ્છુ નદીમાં ડૂબેલા બે લોકોના મૃતદેહ મળ્યા

મોરબી,તા. ૨૬



મોરબીમાં એક દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં મચ્છુ નદીમાં ૪૦ કલાકની સઘન શોધખોળ બાદ બે મિત્રોના મૃતદેહ મળી આવ્યા છે. આ ઘટનામાં એક યુવકે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો અને તેને બચાવવા ગયેલો તેનો મિત્ર પણ નદીના ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો. આ ઘટના મોરબીની જીવાદોરી ગણાતી મચ્છુ નદીમાં બની હતી. પ્રાથમિક માહિતી મુજબ, હર્ષદ પારધી નામના યુવકે અજ્ઞાત કારણોસર નદીમાં કૂદીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

## રાજ્યમાં કમોસમી વરસાદનું તાંડવ, ૨૪ કલાકમાં ૬૭ તાલુકામાં વરસાદ

અમદાવાદ,તા. ૨૬

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા ૬૭ જેટલા તાલુકાઓમાં કમોસમી વરસાદ (માવઠું) પડ્યો છે. ખેડૂતોને પાકને નુકસાન થવાની ભીતિ સતાવી રહી છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૪ દિવસ સુધી રાજ્યમાં હજુ ભારે વરસાદની આગાહી કરી છે. કમોસમી વરસાદને પગલે હવામાન વિભાગે જુદા જુદા વિસ્તારો માટે રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યા છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ભારે પવન અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસી શકે છે. આ સંદર્ભમાં અમરેલી, ગીર સોમનાથ અને સંઘ પ્રદેશ દીવ માટે ભારેથી અતિભારે વરસાદની સંભાવનાને પગલે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. કમોસમી વરસાદ અને દરિયામાં ભારે પવન ફૂંકાવાની શક્યતાને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે માછીમારોને આગામી દિવસોમાં દરિયો ન ખેડવા સ્પષ્ટ સૂચના આપી છે. તંત્ર દ્વારા લોકોને હવામાન વિભાગની આગાહીઓ મુજબ સાવચેત રહેવાની અપીલ કરવામાં આવી છે.

## સુરેન્દ્રનગરના ગોમટામાં છાશ પીધા બાદ ૨૦૦ લોકોને ફૂડ પોઈઝનિંગ

સુરેન્દ્રનગર,તા. ૨૬



સુરેન્દ્રનગરમાં ફૂડ પોઈઝનિંગનો એક ગંભીર કેસ નોંધાયો છે. ગોમટા ગામના એક ઘરમાં ધાર્મિક સમારોહમાં પીરસવામાં આવતી છાશ પીવાથી ૨૦૦ થી વધુ લોકો બીમાર પડ્યા હોવાનું જાણવા મળે છે. કાર્યક્રમના થોડા સમય પછી, ઉપસ્થિતોએ ઉલટી, ચક્કર અને પેટમાં દુઃખાવો થવાની ફરિયાદ શરૂ કરી. અસરગ્રસ્ત વ્યક્તિઓને લીંબડી, વઢવાણ અને નજીકના અન્ય વિસ્તારોની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે, પ્રાથમિક માહિતી અનુસાર, નાના બાળકો, મહિલાઓ અને યુવાનોની સ્થિતિ વધુ ગંભીર હોવાનું જાણવા મળે છે.

## રાજકોટમાં ચોરીની શંકાએ દંપતીએ કરી પાડોશી યુવાનની હત્યા

(એચ.એસ.એલ),રાજકોટ,તા. ૨૬

રાજકોટ શહેરમાં છેલ્લા પાંચ દિવસમાં છ જેટલી હત્યાથી રંગીલુ રાજકોટ રક્તરંજીત બની ચુક્યુ હોવાનું સામે આવ્યુ છે. તો છેલ્લા દસ દિવસમાં સાત - સાત હત્યાથી રાજકોટ હચમચી ગયું છે. ત્યારે શનિવારના રોજ રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર વિસ્તારમાં દિન દહાડે વિજય સોલંકી નામના વ્યક્તિની હત્યા કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે.



શનિવારના રોજ રાજકોટ શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટરમાં રહેતા ૩૦ વર્ષિય વિજય સોલંકી નામના વ્યક્તિની હત્યા ધર્મેશ બ્રાહ્મણ નામના વ્યક્તિ દ્વારા છરીના ઘા ઝીંકી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ધર્મેશ નામના વ્યક્તિએ પોતાની પત્ની સુમિત્રા ઉર્ફે ગુડી સાથે મળીને પાડોશમાં જ રહેતા વિજય સોલંકીની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત અનુસાર વિજય સોલંકીના કાકા ભરત સોલંકીએ છ મહિના પૂર્વે ધર્મેશના ઘરેથી સોનાના કંદોરા સહિતની ચોરી કરી હતી. આ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. પરંતુ કાકા ભરત સોલંકીએ ચોરીનો મુદ્દામાલ પોતાના ભત્રીજા વિજય સોલંકીને વેચવા આપ્યો છે તેમજ ચોરી વિજય દ્વારા કરવામાં આવી હોવાની શંકાએ ધર્મેશે પોતાની પત્ની સાથે મળીને વિજયની હત્યા કરી હોવાનું હાલ જાણવા મળી રહ્યું છે. ત્યારે બનાવની જાણ થતાની સાથે તાત્કાલિક અસરથી ગાંધીગ્રામ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ડીસીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. તેમજ જરૂરી પંચનામા સહિતની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અર્થે પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી. તેમજ તાત્કાલિક અસરથી પોલીસે ધર્મેશની અટકાયત પણ કરી લીધી હોવાનું હાલ સામે આવ્યું છે.

## લાભ પાંચમના શુભ દિવસે ભગવાનની પૂજા સાથે નવા વર્ષના વેપારની શરૂઆત

અમદાવાદ,તા. ૨૬

દિવાળી પછીના પાંચમા દિવસે કારતક મહિનાના શુક્લ પક્ષની પંચમીની તિથિ પર લાભ પાંચમનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો. આ લાભ પાંચમનો દિવસ સામાન્ય રીતે વેપારી પેઢીઓ માટે તેમજ આજના દિવસે સંપત્તિની



ખરીદી કરવાને લઈને પણ શુભ માનવામાં આવે છે. જેથી લાભ પાંચમના દિવસે મોટા ભાગના વેપારીઓ નવા વર્ષના વેપારના શ્રી ગણેશ, માતા લક્ષ્મી, શિવ અને ગણપતિની પૂજાથી કરતા હોય છે. દિવાળીના તહેવારો બાદ લાભ પાંચમના દિવસે વેપારીઓએ તેમના નવા વર્ષના વેપાર ધંધાની શરૂઆત કરી હતી.






## પાર્ટી જે જવાબદારી આપે તે મુજબ કામ કરીશ: જયેશ રાદડિયાની સ્પષ્ટતા

મહીસાગર,તા. ૨૬

મહીસાગરનાં વડાગામમાં શ્રી પાટીદાર સેવા સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સૌરાષ્ટ્રના કદાવર યુવા નેતા જયેશ રાદડિયાએ મંત્રીમંડળમાં સ્થાન ન મળવા અંગે મોટી વાત કહી હતી. તેમણે કહ્યું પાર્ટી જે જવાબદારી આપે તે મુજબ કાર્ય કરવાનું હોય.



મહીસાગરનાં વડાગામમાં શ્રી પાટીદાર સેવા સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. ૪૨ ગામ લેઉઆ પાટીદાર સમાજ ખાનપુર દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલની ૧૫૦ મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે યોજાયેલ આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ધારાસભ્ય જયેશ રાદડિયા હાજર રહ્યા હતા. આ પ્રસંગે રાદડિયાએ મંત્રીમંડળમા સ્થાન ન મળવા પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, સ્થાન ન મળવું એ નસીબની વાત છે, પાર્ટી જે કંઈ નિર્ણય કરે તે શિરોમાન્ય છે. સમય, સંજોગ અનુસાર ચાલતુ હોય છે. સમયસંજોગો પ્રમાણે ચાલતી પ્રક્રિયા છે. પાર્ટી જે જવાબદારી આપે તે મુજબ કાર્ય કરવાનું હોય.

ધારાસભ્ય જયેશ રાદડીયાને મંત્રીમંડળમાં સ્થાન મળશે એવું નિશ્ચિત મનાતું હતું પરંતુ સ્થાન નહીં મળતા ચોમેર ચર્ચા જાગી હતી. મંત્રીમંડળનું વિસ્તરણ થશે તે સમયથી જ જયેશ રાદડિયા મંત્રીપદ મેળવશે તેવી ચર્ચા હતી, પરંતુ નામોની જાહેરાત થતા તેમાં જયેશ રાદડિયાનું નામ ન હતું.





